# Gyan Amrit
# જ્ઞાનામૃત

SINCE 1972 50 years to be continued

Vol.14 - Issue 11
November 2021
Price 12/-











કેશોદ સેવાકેન્દ્ર ખાતે આયોજીત 'વૃક્ષારોપણ કાર્યક્રમ'માં DySP ભ્રાતા જયવીરભાઈ ગઢવી, MLA ભ્રાતા દેવાભાઈ માલમ, ડૉ. સ્નેહલભાઈ તન્ના તથા અન્ય અગ્રણીઓ સાથે બ્ર.કુ. રૂપાબેન.



વડોદરા અટલાદરા સેવાકેન્દ્રમાં નવનિયુક્ત મેયર ભ્રાતા કેયુરભાઈ રોકડીયા, ડેપ્યુટી મેયર ભગિની નંદાબેનનું સન્માન તથા સ્વાગત બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. અરૂણાબેન.




આણંદ સેવાકેન્દ્રમાં 'શિક્ષક દિવસે' શિક્ષકોનું સન્માન કર્યા બાદ સમૂહચિત્રમાં આણંદ એજ્યુકેશન કૉલેજના આચાર્ય ડૉ. ધીરજભાઈ પરમાર તથા અન્ય શિક્ષકગણ સાથે બ્ર.કુ. ગીતાબેન.



રાજકોટ અવધપુરી ખાતે 'ધ ગ્રાન્ડ ઠાકર હોટલ'ના ઑનર ભ્રાતા ગોપાલભાઈ તથા હોટલ મેનેજમેન્ટ ગ્રુપને રક્ષાસૂત્ર બાંધ્યા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. રેખાબેન.



વડોદરા મંગલવાડી દ્વારા શહેરના સુપ્રસિધ્ધ ગણદેવીકર જ્વેલર્સના ઑનર ભ્રાતા સુનિલભાઈને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. સરિતાબેન.



બાંટવા ખાતે ગોરીયા મસ્જીદના મુખ્ય મૌલાના ભ્રાતા અફસરભાઈને રક્ષાબંધન કરતા બ્ર.કુ. મધુબેન.




ગાંધીધામ ગળપાદર જીલ્લા જેલના જેલર ભ્રાતા ડી.એમ.ગોહિલ, સામાજીક કાર્યકર્તા સુજાતાબેનને રક્ષાસૂત્ર બાંધ્યા બાદ બ્ર.કુ. રેખાબેન.




શહેરામાં રક્ષાબંધન કાર્યક્રમમાં TDO ભગિની ઝરીનાબેન અન્સારી, પ્રમુખ નગરસેવા સદન ભગિની ઉર્મિલાબેન, CHCના સુપ્રિન્ટેન્ડટ ડૉ. અશ્વિનભાઈ રાઠોડ, બ્ર.કુ. સુરેખાબેન, બ્ર.કુ. રતનબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૪ | નવેમ્બર-૨૦૨૧ | અંક : ૧૧

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- પ્રકાશનું પર્વ - દીપાવલી .....................તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ..................................દાદી જાનકીજી ..06
- દીપાવલીનું આધ્યાત્મિક રહસ્ય .......બ્ર.કુ. જગદીશચંદ્ર ..08
- પ્રસન્નતાના પથ પર ...................બ્ર.કુ. શિવાનીબેન ..11
- દીપાવલીનું આધ્યાત્મિક રહસ્ય ........બ્ર.કુ. પૂર્ણિમાબેન ..12
- પાપકર્મ અને વિકર્મમાં તફાવત ...........બ્ર.કુ. ઉષાબેન ..14
- કળિયુગનાં છ છીંડાં ..............................મીરા ભટ્ટ ..15
- દિવ્યદર્શન .................................બ્ર.કુ. નંદિનીબેન ..16
- એક પરિચય ...........................બ્ર.કુ. પૂનમબેન ..18
- તપસ્યા અનુભૂતિ ભઠ્ઠી ................બ્ર.કુ.પ્રો. ચંદ્રવદન ..20
- ગહન તપસ્યા માટે લવલીન સ્થિતિ ..બ્ર.કુ. આત્મપ્રકાશ ..26
- વિશેષ સૂચના ...................................................30
- સંગમયુગની શબ્દાવલી ........................................31
- પ્રસંગ પરિમલ .................................................32
- તપસ્યાની આસપાસ .......................બ્ર.કુ. કૃતિબેન ..33



**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 079 - 2762 0866**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની ભારતીદીદી**


**-:- વિશેષ નોંધ -:-**

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકે છે. તેમને જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના દરેક મહિનાના અંક મળશે. જેમનું લવાજમ જમા કરાવવાનું બાકી હોય, તેઓને સત્વરે જમા કરાવીને જાણ કરવા વિનંતી.

**આવશ્યક નોંધ**

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

Account No. : **71120100007677**

Bank Name : **BANK OF BARODA, Pushpkunj Branch** IFSC Code : **BARB0DBPUSH**


**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# પ્રકાશનું પર્વ દીપાવલી

ભારતીય જનજીવનમાં આવતા તહેવારો અનેકવિધ ભાવનાઓ રૂપી પુષ્પોનો પમરાટ લઈને આપણી સમક્ષ આવે છે. રાષ્ટ્રીય, સામાજિક, ઐતિહાસિક, પૌરાણિક, આધ્યાત્મિક, ધાર્મિક દૃષ્ટિકોણથી તહેવારો ઉજવાય છે. દરેક પર્વને પોતાના અનોખા રૂપ-રંગ હોય છે. પણ દિવાળીનું પર્વ આનંદ ઉલ્લાસના અભિષેકથી માનવ હૈયાંઓને નિર્મળ સ્નેહની અનુભૂતિ કરાવે છે.

દીપાવલીનું પર્વ અનેક કથાઓ સાથે જોડાયેલું છે. શ્રીરામ લંકા વિજય પછી અયોધ્યા પધારતાં. અયોધ્યાવાસીઓ આનંદ ઉલ્લાસમાં આવી આ પર્વ ઉજવે છે. આ દિવસ મહાવીર-સ્વામીના નિર્વાણનો દિવસ છે. શિવશક્તિઓ દ્વારા અસુરોનો સંહાર થતાં ભયમુક્ત બનેલા લોકો આનંદ ઉલ્લાસથી આ પર્વ ઉજવે છે. ખેડૂતો પાકની લણણીથી મુક્ત થતાં આ પર્વ ઉજવે છે. આધ્યાત્મિક દૃષ્ટિથી જોઈએ તો જ્ઞાનના ઘી વડે આત્માઓ દીપક પ્રગટ ે છે તેની આ યાદગાર છે.

આજસુધી આપણે આ પર્વને ઉજવતા આવ્યા છીએ તેથી તે વિશે આપણે માહિતગાર પણ છીએ. અમાસની અંધારી રાતે જ્યારે તિમિરની કાલિમા સર્વત્ર પથરાઈ ગઈ હોય છે ત્યારે દીપકોનું પ્રગટવું એ કેટલું આકર્ષક લાગે છે. દીપકનું પ્રગટવું એટલે વિષાદયુક્ત વદન ઉપર પ્રસન્નતાનું સ્મિત ! ઉરનો આનંદ મુખારવિંદ પર ડોકિયાં કરે છે. પરંતુ પરંપરાગત રીતે દીપકો પ્રગટાવીને અલ્પકાળના આનંદની અનુભૂતિ કરતાં માનવો દીપાવલીનું સાચું રહસ્ય જાણે ત્યારે શાશ્વત આનંદની અનુભૂતિ થાય છે.

સંગમયુગના આધ્યાત્મિક પુરુષાર્થના ફલસ્વરૂપે મળેલ દેવતાઓના પ્રારબ્ધની સમાપ્તિ અને દ્વાપરયુગનું આગમન એટલે ઉત્થાનથી પતન તરફની પગદંડી ઉપર માનવયાત્રીનું ગમન. વિષયવિકારોની ભૂતાવળ ક્રમશઃ વધતી ગઈ. અનેક ધર્મસ્થાપકો આવ્યા અને વિવિધ ધર્મોની સ્થાપના થઈ. આમ છતાં માનવજીવન તો અધોગતિ તરફ જ પ્રયાણ કરવા લાગ્યું અને કલિયુગના અંતિમ ચરણમાં તો વિષયવિકારોનાં એટલાં તો તાંડવો સર્જાયાં જેથી ભ્રષ્ટાચારની વ્યાપકલીલાએ અનેકવિધ રૂપો ધારણ કરીને માનવજાતને પોતાના ભરડામાં લીધી. જનજીવન દુઃખી અને અશાંત બન્યું. ત્રાહિ ત્રાહિ પોકારતાં માનવોનો કરૂણાદ્રસાદ સુણીને પિતા પરમાત્માએ ગીતાના મહાવાક્યો અનુસાર એક વૃદ્ધ તનના સાકાર માધ્યમ દ્વારા દિવ્ય અવતરણ કર્યું.

પરમપિતા નિરાકાર શિવ પિતાનું આ સૃષ્ટિ ઉપર આવવું અર્થાત તિમિરનાં પડળોને ભેદીને તેજરાશિનું પ્રકાશવું. પરમાત્માએ માનવોને દેહ અને આત્માની ભિન્નતા સમજાવી, આત્માના યથાર્થ પરિચય દ્વારા આત્માની જ્યોતિ જગાવે છે. એટલે દીપાવલીનો તહેવાર એ આત્મારૂપી દીપક પ્રગટાવવાનું યાદગાર પર્વ છે. જ્યારે આત્મિક સ્મૃતિનો દીપક જાગૃત થાય છે ત્યારે તેને ચૈતન્ય-દીપક કહેવામાં આવે છે. આ ચૈતન્ય-દીપકોની યાદગાર જડ દીપક રૂપે ઉજવાય છે. તેથી આત્માઓની દીપમાલા અવિનાશી, અમરજ્યોતિ સ્વરૂપની છે. તેથી ચૈતન્ય-દીપકોનું કર્તવ્ય છે અજ્ઞાનરૂપી અંધકારમાં જ્ઞાનની રોશની કરવાનું. દિવાળી અમાસના અંધકારમાં આવે છે તે બ્રહ્માની

રાત, વિષયવિકારોથી અંધકારમય બનેલી સૃષ્ટિનું સૂચન કરે છે.

દીપાવલીમાં લોકો સુંદર વસ્ત્રાભૂષણોથી સજ્જ બનીને ઘરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. ઘરમાંથી કચરો વાળી ઝૂડીને સાફ કરે છે. વાસ્તવમાં દેહરૂપી ભવનમાંથી વિષયવિકારોના કચરાને સાફ કરવાનો છે અને વસ્ત્રાભૂષણોની સ્થૂળ સજાવટને બદલે આત્માનું ઓજસ પ્રગટાવીને દિવ્યગુણોના આભૂષણોથી સજ્જ થવાનું છે. મિઠાઈ આદિ પદાર્થો ખાવાનું રહસ્ય વાસ્તવમાં મુખની મીઠાશ, મધુરબોલ દ્વારા મીઠામાં મીઠા સૌના પ્રિય એવા પરમાત્માનો પરિચય આપવાના કાર્યનું સૂચન કરે છે.

આ પર્વમાં લક્ષ્મીનું આવાહન કરવામાં આવે છે. પણ લક્ષ્મીનું આગમન આવા કલુષિત વાતાવરણમાં થઈ શકે? લક્ષ્મીના આવાહન માટેનો પુરુષાર્થ છે પવિત્રતા અને દિવ્યગુણોની ધારણા દ્વારા દેવત્વની પ્રાપ્તિ. જ્યારે આત્મા દેવત્વના ગુણોને ધારણ કરે છે ત્યારે તે ભવિષ્યમાં આવનાર સતયુગમાં સુખ, શાંતિ, સમૃદ્ધિથી ભરપૂર અર્થાત્ ધન - ધાન્ય અને વૈભવોથી સંપન્ન એવી સોનેરી દુનિયાને પ્રાપ્ત કરે છે. આ દુનિયામાં શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણનું રાજ્ય હોય છે. ત્યારે આપણે શ્રી લક્ષ્મીને નજરે નિહાળી શકીશું. અહીં તો માત્ર ભાવનાઓથી તેમનું આવાહન કરીએ છીએ.

દિવાળીના દિવસે વેપારીઓ પોતાના ચોપડાઓનાં ખાતાં જુએ છે. જૂનાં ખાતાં ચુકતે કરી નવાં ખાતાની શરૂઆત કરે છે. પરમપિતા પરમાત્મા આના સંદર્ભમાં કહે છે કે આત્માઓએ પોતાના કર્મોનાં હિસાબ કિતાબનાં ખાતાં ક્યાં સુધી સમાપ્ત કર્યાં છે તે જોવાનું છે. પરમાત્મા આપણી પાસે વ્યર્થ સંકલ્પોનાં, વિકર્મોનાં ખાતાં બંધ કરાવી દિવ્યતાનાં જમા ખાતાની અપેક્ષા રાખે છે. બહિર્મુખતાના વાયુમંડલને સમાપ્ત કરવાનું આ પર્વ છે.

દીપાવલી એટલે પ્રકાશનું પર્વ. દીપાવલીના ગરબાઓમાં એક મોટો દીપક પ્રગટાવવામાં આવે છે. તેની જ્યોતથી બીજા દીપકો પ્રગટાવવામાં આવે છે. મોટો દીપક તે જ્યોતિબિંદુ સ્વરૂપ શિવ પરમાત્માની યાદગાર છે. બાકીના દીપકો આત્માઓની યાદગાર છે. જેમની જ્યોતિ પરમાત્મા જગાડે છે. એટલે આપણે જ્યોતિબિંદુ સ્વરૂપ શિવ પરમાત્માનાં સંતાનો છીએ. જ્ઞાન સૂર્યનાં સંતાનો છીએ. જેમ સૂર્ય સ્વયં શક્તિશાળી હોવાને લીધે ચારે બાજુ પોતાની શક્તિથી પ્રકાશ ફેલાવે છે. તે રીતે જ્ઞાનસૂર્ય બનીને પ્રકાશનાં કિરણો સમગ્ર સૃષ્ટિ ઉપર પાથરવાનાં છે. શુભભાવના, શ્રેષ્ઠ બનવાની કામનાઓનાં કિરણો ચારે બાજુ વિશ્વ કલ્યાણકારી બનીને ફેલાવવાનાં છે.

એક બીજા સાથે લડાઈ ઝગડાને કારણે મનમેળ ન હોય છતાં દિવાળીના દિવસોમાં લોકો એક બીજાને ઘેર જઈને મળે છે પણ હૃદય પરિવર્તન થતું નથી. આપણે કરૂણાનાં શીતળ છાંટણાથી વિરોધી આત્માઓને શીતળ બનાવી તેમનું હૃદય પરિવર્તન કરવાનું છે. આપણી સંપૂર્ણ સ્થિતિનું આવાહન કરીને દિવાળી ઉજવવાની છે.

આત્મારૂપી દીપક સતત પ્રકાશમાન રહે તે માટે પ્રવૃત્તિમાં રહેવા છતાં સદા દેહ, દેહના સંબંધથી નિવૃત થઈ શ્રેષ્ઠ સ્થિતિની અનુભૂતિ કરવાની છે. લક્ષ્મીની સાથે ગણેશનું પૂજન થાય છે. તો ત્રણે કાળનાં જ્ઞાન સ્વરૂપ બનીને સંગમ-યુગમાં પોતાનો આત્મિક દીપક પ્રકાશિત રાખવાનો છે. વાયુમંડલ, વાયબ્રેશન અને

**(અનુસંધાન પેજ નં. 10 પર)**

## અમૃતધારા

# એક બાબા દૂસરા ન કોઈ

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



શાંતિની સ્થિતિમાં બેસીને તપાસો કે શું મારી પૂરી અનાસક્ત વૃત્તિ છે? નષ્ટોમોહા સ્થિતિ છે? નથી તો ફોલો ફાધર (બ્રહ્માબાબાને અનુસરો) કરો. સર્વ કાંઈ બાબાના હવાલે કરી દીધું, તો સલામતી છે. જે સફળ કર્યું તે ત્યાં મળશે. જો કંઈ બાકી રહી ગયું હશે, તો બુધ્ધિ એનામાં અટવાશે. આપણી પાસે કાંઈપણ ના રહે. અગ્નિસંસ્કારના સમયે ખાલી હાથે જઈશું. ફક્ત તિલક કરીને ફૂલ ચઢાવશે, બસ ! આપણે જીવતાં જ યોગાગ્નિથી સંસ્કારોનું પરિવર્તન કરીને બાબાને પોતાનો સંસાર બનાવી દીધા. હવે જૂનું કંઈ પણ ના રહે. રાખ પણ ના રહે, કોઈ અસ્થિ પણ ના રહે. સૌ સમાપ્ત થઈ જાય તો કહેવાશે ઊંચ પદ મેળવ્યું. બાબા ઈચ્છે છે કે મારાં બાળકો ભણીને ઉચ્ચપદ મેળવે.

કોઈપણ ગ્રહચારી (ખામી) છે તો યોગમાં ઊંઘ લાવે છે. યા સેવામાં વિઘ્ન નાંખે છે. યા કોઈ સ્વભાવ સંસ્કારને વશ થઈ જઈને ઉદાસ થઈ જાય છે. યા કોઈની સાથે મિલનસાર બનીને ચાલી શકતા નથી. ગ્રહચારી ના રહે એટલે ઈશ્વરીય મર્યાદાઓના નિયમમાં કોઈ ગરબડ ના રહે. હેરાફેરી ના હોય. દેખાડો ના હોય. સચ્ચાઈમાં સહેજ પણ ખામી ન રહે. તો જે કરીશું તેમાં સફળતા મળશે. વિઘ્ન તો આવશે. તે કોઈ મોટી વાત નથી. પણ અંદરની સ્થિતિ નિર્વિઘ્ન રહે. કોઈને કંઈના કહેતાં શાંતિથી બાબાની યાદમાં રહો તો વિઘ્ન સમાપ્ત થઈ જશે. બાબા શીખવાડે છે, જે કંઈ વીતી ગયું તે સારું છે. દરેકનો પાર્ટ પોતાનો છે. તેથી વાતો તો થશે પણ બાબા કહે છે તમારે હસતા રહેવાનું છે. ખુશીથી સેવા કરવાની છે. એમાં કદી થાકવાનું નથી. સમગ્ર યજ્ઞની જવાબદારી બાબા ઉપર છે. બાળકોની જવાબદારી પણ બાબા ઉપર છે. આપણે શા માટે જોઈને, વિચારીને મસ્તક ગરમ કરીએ. એની શી જરૂર છે ? હળવા રહો, નાચતા રહો, ઉડતા રહો. કારણ કે આપણા જેવું ખુશનસીબ બીજું કોઈ નથી. આ રીતે હસતા, ગાતા, જીવતા રહો. બાકી કોઈ વાત વિચારશો નહીં, બોલશો નહીં, તો ઓકે (O.K.) રહેશો.

મનમાં અનેકાનેક ઈચ્છાઓ થવાનું કારણ કર્મેન્દ્રિયો મનને કહે છે અને મન કર્મેન્દ્રિયોને કહે છે. બંનેની હામાં હા થવાથી મન કર્મેન્દ્રિયોનું ગુલામ બની ગયું. તો સુખ કઈ રીતે મળશે ? બાબા કહે છે, અતીન્દ્રિય સુખનો અનુભવ કરવો છે તો ભગવાન શીખવાડે છે તે તે બોલતાં શીખો. કરાવનાર બાબા જે કરાવી રહ્યા છે તે કરો અને પોતાની બુધ્ધિની લગામ બાબાના હાથમાં સોંપી દો, તો બાબા અંદરથી નચાવતા રહેશે. ત્યારે મનને, કર્મેન્દ્રિયોને જીતવાથી અતીન્દ્રિય સુખનો અનુભવ થશે. આમ અતીન્દ્રિય સુખમાં રહેનાર આત્મા સત્, ચિત્, આનંદ સ્વરૂપ થઈ જાય છે. જેનાથી અંદરનો બધો કચરો સાફ થઈ જાય છે. સ્થૂળ હીરામાં રહેલા દાગને દૂર કરી શકતા નથી તો આત્મારૂપી ચૈતન્ય હીરામાં છુપાયેલા દાગને કાઢી શકીએ છીએ.

જે પરમાત્માની શક્તિ અને પ્રેમને પોતાના

જીવનનો આધાર બનાવી લે તે સમજદાર છે. અનુભવ જ આપણા જીવનનો આધાર છે. તો પહેલાં સમય જે રીતે ગયો તે ગયો પરંતુ હવે મારે સમય બગાડવાનો નથી. હવે સમજમાં આવ્યું છે કે બાબાના તો બની ગયા. ત્યાગ પણ થઈ ગયો. પવિત્રતાનું પાલન કરી દીધું. બ્રહ્માકુમાર બ્રહ્માકુમારી કોને કહેવાય છે તે પણ સમજાઈ ગયું. પરંતુ એમાં પણ નંબર વન (પ્રથમ) બી.કે. બનવાનું છે. એવો પુરુષાર્થ હોય. બાબાએ કહ્યું છે ત્રિકાળદર્શી બની જાઓ. કાલના દર્શી, સવારના દર્શી, સાંજના દર્શી નહીં, ત્રિકાળ દર્શી. વીતેલી વાતોનું ચિંતન ના કરો. મનપસંદ નહીં, પ્રભુ પસંદ કરો. પ્રભુપસંદ કરશો, તો આપને પણ સારું વિશ્વને પણ સારું.

અંતિમ જન્મમાં પણ ઈશ્વર જ કરે છે. સદાએ ખ્યાલ રહે છે મને કોઈ મનુષ્યથી નથી મળતું. આપનાર ઈશ્વર બેઠો છે. જેને આપનાર દાતા સ્વયં ભગવાન છે તે માગનાર કદી બની શકે નહીં. તે દાતા છે. ભાગ્યવિધાતા મારા બ્રહ્મા બાબા, વરદાતા શિવ ભોલાનાથ છે. દીદીની વાત સાંભળી. 'હવે ઘેર (પરમધામ) જવાનું છે.' દાદી કહેતાં, 'કર્માતીત બનવું છે.' મમ્મા કહેતાં, 'અત્યારે જ કરી લો ને.' મમ્મા, દીદી, દાદીનો અમૃતવેળાનો સમય ઘણો પાક્કો હતો. અત્યારે જ્યાં છે ત્યાં અમૃતવેળા કરી રહ્યાં છે. અમૃતવેળાનું બહુ જ મહત્ત્વ છે. જે બોજપૂર્ણ હશે એનો અમૃતવેળા ક્યારેક કેવો, ક્યારેક એવો હશે. કામચલાઉ બેસીને ઝોકાં ખાઈને સૂઈ જશે. થોડું પોતાના ઉપર ધ્યાન આપો, તો સંગમયુગ ઘણો મહાન યુગ છે. મન શાંત થઈ ગયું, બુધ્ધિ શ્રેષ્ઠ થઈ ગઈ. તો સંસ્કાર બદલાઈ ગયા. રાવણ હવે કંઈ પણ કરી ના શકે. બુધ્ધિમાનોની બુધ્ધિ બાબા પોતાનું કામ કરાવવા માટે કહે છે બાળકો, માત્ર ન્યારા અને પ્યારા રહો. ભગવાનની ઘણી સારી કંપની છે. નિયત અંદરથી સાફ છે. નિઃસ્વાર્થ ભાવ છે તો જે સંકલ્પ કરશો, તે થઈ જશે. અહીં આપણે માત્ર ખાવા-પીવા માટે નથી બેઠા. ખાઈએ છીએ તે પણ એવી અવસ્થા બનાવવા માટે. ખાવાનું પહેરવાનું એવું મળી રહ્યું છે જેથી બુધ્ધિ બીજે ક્યાંય જતી નથી.

**॥ ઓમશાંતિ ॥**

## (પેજ નં. 13નું અનુસંધાન)... દીપાવલીનું આધ્યાત્મિક રહસ્ય

નવા વર્ષના આ આનંદ ઉલ્લાસને ટકાવી રાખવા જો નવીન સંકલ્પ કરવામાં આવે તો 'નૂતનવર્ષાભિનંદન' જરૂર સાકાર બને. પર્વોને આધ્યાત્મિક રીતે સમજીને માણસ તેને તે રીતે ઉજવે તેના મહત્ત્વને સમજે તો ચોક્કસ દિન પ્રતિદિન તેના આનંદ, સુખ, શાંતિમાં વૃદ્ધિ થાય. આપણે ઘણી કુટેવો, ખોટી વિચારસરણીઓ, નબળાઈઓ, ફરિયાદો જૂના હિસાબ-કિતાબ બિનજરૂરી બંધનો સમસ્યાઓને દૂર કરવાનો આ ઉત્તમ સમય છે. રાગ-દ્વેષનાં, લડાઈ ઝગડાના બધા હિસાબ લેણદેણના ચોપડાને બંધ કરીએ. અબોલા હોય તેને બોલાવીએ, દુશ્મનોને પણ શુભભાવનાઓ આપીએ, નિમંત્રણ આપીએ. નવી આશા નવા ઉમંગો નવા જીવનની નવી રૂપરેખા તૈયાર કરીએ. આપણે જાણે અજાણે નવું નવું શીખતા જ રહીએ છીએ પરંતુ આપણા લક્ષ તરફની નવી વાતોને ધ્યાનમાં લઈને તેના માટે જેમ ધંધો વિકસાવવા માટે વેપારી બજેટ તૈયાર કરે તેવી રીતે આપણે આપણા વિકાસનું બજેટ નવા વર્ષમાં બનાવીએ તો તો આત્મોન્નતિ જરૂર સાધી શકાય.

**॥ ઓમશાંતિ ॥**

# દીપાવલીનું આધ્યાત્મિક રહસ્ય

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



દીપાવલી ભારતનો એક એવો વિશેષ તહેવાર છે જેને ભારતના લગભગ બધાં જ લોકો હર્ષોલ્લાસથી ઉજવે છે. આ દિવસોમાં દરેક નાના યા મોટા, ગરીબ અને અમીર તથા ગ્રામીણ અને નાગરિકોના ચહેરાઓ ઉપર ખુશીનાં ચિન્હો દેખાય છે. રાત્રિના સમયે દીપકોનો ઝગમગાટ જોવા જેવો હોય છે.

## આ તહેવારના પ્રારંભ વિશે લોકવાયકાઓ

આ તહેવારનો પ્રારંભ ક્યારે અને કઈ રીતે થયો? એ વિશે અનેક લોકવાયકાઓ અને પૌરાણિક કથાઓ પ્રચલિત છે. એક આખ્યાન આ પણ છે કે ઘણાંયે વર્ષો પહેલાં એક સમય એવો હતો કે જ્યારે નરકાસુરે સમગ્ર સૃષ્ટિ પર પોતાનું આધિપત્ય જમાવી લીધું હતું. ભગવાને નરકાસુરનો નાશ કરીને સૃષ્ટિને એના ભયથી મુક્ત કરી અને દેવતાઓને નરકાસુરના બંધનથી છોડાવ્યા. તેથી દીવાળીના એક દિવસ પહેલાંની રાત્રિને નરક - ચતુર્દશી (કાળી ચૌદશ) તરીકે ઉજવવામાં આવે છે. જેને નાની દિવાળી પણ કહેવાય છે અને એના પછીના દિવસે અર્થાત્ આસોવદ અમાસના દિવસે મોટો દીપાવલી મહોત્સવ હોય છે.

બીજી કથા એ છે કે દૈત્ય રાજા બલિએ સમગ્ર ભૂમંડલ પર પોતાનું એકચક્રી શાસન જમાવી દીધું હતું. ત્યારે પૃથ્વી પર આસુરીપણું ફેલાઈ ગયું હતું અને ધર્મનિષ્ઠા લગભગ નષ્ટ થઈ ગઈ હતી. ત્યારે રાજા બલિએ શ્રી લક્ષ્મીને તમામ દેવી-દેવતાઓ સહિત પોતાના કારાગાર (જેલ)માં બંદી બનાવ્યાં હતાં. એ સમયે ભગવાને રાજાબલિની આસુરી શક્તિ પર વિજય મેળવીને શ્રી લક્ષ્મી તથા સર્વ દેવી દેવતાઓને કારાગારની યાતનાઓથી છોડાવ્યાં હતાં. એના નિમિત્તે દરેક વર્ષે દીપાવલીનો તહેવાર ઉજવવામાં આવે છે.

## આ આખ્યાનોનો અર્થબોધ

ઉપર જે બે આખ્યાનો અથવા કથાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એનો અક્ષરશઃ અર્થ તો સ્વીકાર્ય થઈ શકે તેમ નથી. કારણ કે કોઈ એક વ્યક્તિ દ્વારા શ્રી લક્ષ્મી તથા અન્ય સર્વ દેવી-દેવતાઓને અથવા સમગ્ર સૃષ્ટિને બંદી બનાવી દેવાની વાત જ અસંભવ લાગે છે. તેથી વાસ્તવમાં આ બંને કથાઓમાં એક ઘણા જ મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક વૃતાંતનું લાક્ષણિક ભાષામાં એક રૂપક આપીને વર્ણન કરવામાં આવ્યું છે. જ્ઞાનદૃષ્ટિ અનુસાર નરકાસુર માયા અર્થાત્ મનોવિકારોનો જ પર્યાયવાચી શબ્દ છે. કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારને ગીતામાં 'નરકનું દ્વાર' ગણવામાં આવેલ છે અને 'આસુરી લક્ષણ' પણ માનવામાં આવે છે. જો કે આ વિકારો અથવા આસુરી લક્ષણો પર વિજય પ્રાપ્ત કરવાનું ઘણું કઠણ છે. એટલે એનું નામ રૂપકમાં બલિ છે. ગીતામાં માયાને જ દુસ્તર (જીતવી મુશ્કેલ) અર્થાત્ બલિ કહેવામાં આવે છે. વિશ્વના ઈતિહાસમાં કલિયુગના અંતનો સમય એવો સમય છે જ્યારે આ વિકારોનું સર્વ નર-નારીઓના મન પર રાજ્ય હોય છે. ત્યારે સમગ્ર સૃષ્ટિ નરક બનેલી હોય છે એટલે કહેવામાં આવે છે કે ત્યારે રાજા બલિ અથવા નરકાસુરનું જ

સૃષ્ટિ ઉપર આધિપત્ય હતું. સતયુગમાં ભારત દેશ સ્વર્ગભૂમિ હતો અને અહીંના નિવાસી દેવી દેવતા હતા. પરંતુ જન્મ મરણના ચક્રમાં આવતાં તેઓ કલિયુગના અંતમાં સૃષ્ટિને નરક બનાવનારા અને નર-નારીને અસુર બનાવનારા આ બલિ (વિકારો)ને આધીન થઈ ગયા હતા. ત્યારે કલિયુગના અંતમાં ઈશ્વરીય જ્ઞાન આપીને પરમપિતા પરમાત્માએ આ વિકારો રૂપી નરકાસુરનો અંત આણ્યો અને સતયુગમાં જે માનવ આત્માઓ શ્રી લક્ષ્મી અથવા અન્ય દેવી દેવતા નામથી અજાણ હતા. એમને આ નરકાસુરના બંધનમાંથી મુક્ત કરાવ્યા. આ મહત્ત્વપૂર્ણ વૃતાંતની યાદમાં આજે પણ દર આસોવદ ચૌદશના દિવસે નાની દીપાવલી ઉજવવામાં આવે છે એના પછીના દિવસે આસોવદ અમાસે શ્રી લક્ષ્મી - શ્રી નારાયણનું સ્વતંત્રતાપૂર્વક રાજ્ય શરૂ થતાં સતયુગની શરૂ થવાની ખુશીમાં મોટી દીપાવલી ઉજવવામાં આવે છે.

## દેવત્ત્વનો આસુરીપણા ઉપર વિજય

કેટલાયે લોકો એવું માને છે કે દીપાવલીનો તહેવાર રાવણ પર રામનો વિજય થયો તે પછી મર્યાદાયુક્ત રામ રાજ્યનો પ્રારંભ થયો તેનો સ્મરણોત્સવ છે. વાસ્તવમાં એનો અને આગળનાં બે આખ્યાનોનો ભાવ એ છે કે રાવણ આસુરી શક્તિ અને રામ ઈશ્વરીય શક્તિનું પ્રતીક છે.

## જ્ઞાનદીપ પ્રગટાવ્યા વિના દીપાવલી નિરર્થક

આજે જ્યારે લોકો દીપાવલીનો તહેવાર ઉજવે છે તો તેઓ આ રહસ્યને બુદ્ધિ સમક્ષ રાખતા નથી કે આ 'નરકાસુર' અથવા બલિના અંત અર્થાત્ આસુરીપણઆનો પરાજય અને દેવત્વના વિજયનો સ્મરણોત્સવ છે. આ દિવસે પોતપોતાના ભવન, ગલી, મહોલ્લામાં અને ચાર રસ્તાઓમાં રોશની કરવા ઉપરાંત પોતાના અંતરાત્માનો અંધકાર દૂર કરવા અથવા પોતાના અંતર્મનમાં જ્યોતિ પ્રગટાવવાનો પુરુષાર્થ કરવો જોઈએ. તેઓ એ વાતને ભૂલી જાય છે કે અમાસ અથવા અંધકાર અજ્ઞાનના અને વિકારોનું પ્રતીક છે. આધ્યાત્મિક ભાષામાં અજ્ઞાનને અંધકાર કહીને ભક્તજન ભગવાનને પ્રાર્થના કરે છે કે 'तमसो मा ज्योतिर्गमय' પ્રભુ, અમને અંધકારમાંથી પ્રકાશની તરફ લઈ લો. આ આધ્યાત્મિક અર્થમાં જ આ બંને આખ્યાનોમાં કહેવામાં આવ્યું છે કે નાની દીપાવલી અને મોટી દીપાવલી અને આ બંને પહેલાંની અંધારી રાતે (ધનતેરસે) જે દીપ દાન કરે છે તે અકાળે મૃત્યુથી બચી જાય છે. દીપદાન કરવાનો ભાવ પણ જ્ઞાનદાન કરવાનો છે. દીપાવલીના આ જ્ઞાન પક્ષની ઉપેક્ષાનું જ એ પરિણામ છે કે દર વર્ષે માટીનાં કોડિયામાં દીપ પ્રગટાવીને અથવા આધુનિક પરંપરા મુજબ મીણબત્તીઓ અને વીજળીની રોશની કરવા છતાં લક્ષ્મીજીનું આવાહ્ન કરવા છતાં આજે પણ ભારત દેશમાં લક્ષ્મીજીનો સ્થાયી વાસ નથી. અહીં ભ્રષ્ટાચાર જ રાજા બલિ અથવા નરકાસુર બનીને સર્વ પ્રત્યે પોતાનું આધિપત્ય સ્વરૂપ ભારતના અડધાથી વધુ લોકો ગરીબીની રેખાની નીચેનું જીવન વ્યતીત કરી રહ્યાં છે. લક્ષ્મીજીને તો 'પદ્મા', 'કમલા' ઈત્યાદિ નામોથી પણ યાદ કરવામાં આવે છે. કારણ કે તેઓને કમલપુષ્પ નિવાસિની ગણવામાં આવે છે. પરંતુ આજ આપણા ગૃહસ્થોનાં ઘર કમલ સમાન પવિત્ર બન્યાં નથી અને એમના અંતરની જ્યોતિ જાગી નથી. તો વિષય વિકારોથી નરક બનેલા ઘરમાં લક્ષ્મીજીનું શુભ આગમન કઈ રીતે થઈ શકે છે?

## દીપાવલી 'મહારાત્રિ' કઈ રીતે છે?

સાધક લોકો દીપોત્સવની રાત્રિને સાધનાની

દૃષ્ટિએ 'મહારાત્રિ' માને છે. એમની એ માન્યતા છે કે આ રાત્રિએ મંત્રની સિદ્ધિ થઈ શકે છે. તેથી તેઓ આ રાત્રિએ જાગીને પોતાના મંત્રની સાધના કરે છે. આ માન્યતા પણ કલિયુગના અંતની ઘોર અજ્ઞાન રાત્રિ સાથે સંબંધિત છે. કલિયુગના આ તમોપ્રધાન અંતિમચરણમાં જે કોઈ પણ પરમાત્મા દ્વારા આપેલી માર્ગ પ્રદર્શના (મંત્રણા) અનુસાર ચાલે છે એને સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. ભક્ત લોકો એ પણ માને છે કે જેઓ આ રાત્રિએ આળસને કારણે સૂઈ રહે છે તે શ્રી લક્ષ્મીના આશીર્વાદથી વંચિત રહે છે. પરંતુ વાસ્તવમાં આ વાત પણ આધ્યાત્મિક જાગૃતિ વિશે કહેવામાં આવી છે. કલિયુગના અંતિમ ચરણમાં જે વ્યક્તિ અજ્ઞાન નિદ્રામાં સૂતેલો રહે છે તે આવનારા સતયુગી શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણના સુખ પૂર્ણ સ્વરાજ્યમાં સૌભાગ્યનું સ્થાન પ્રાપ્ત કરી શકતો નથી એટલું જ નહીં ઈશ્વરીય જ્ઞાન લેવા ઉપરાંત સંગમયુગમાં ઈશ્વરીય જ્ઞાન દાન આપવાનું પણ ઘણું મહત્ત્વપૂર્ણ ગણાય છે. એટલા માટે પણ દીપાવલીની મહારાત્રિએ દીપદાન કરવાનું પણ ઘણું મહત્ત્વ છે. આ દિવસે કેટલાક લોકો તો દીપકોને પોતાના મસ્તક પર ઘૂમાવીને દાન કરી દે છે. તેઓ સમજે છે કે આનાથી સર્વ અનિષ્ટથી મુક્તિ મળે છે. એ સ્પષ્ટ છે કે સર્વ અનિષ્ટમાંથી નિવૃત્તિ તો જ્ઞાન દ્વારા આત્માનો દીપ જગાવવાથી જ થઈ શકે છે. સંગમયુગમાં મનુષ્યાત્માઓનો જીવનદીપ અલૌકિક હોવાના પરિણામે જ નર શ્રી નારાયણ અને નારી શ્રી લક્ષ્મી પદને અથવા દેવતા યા દેવીપદને પ્રાપ્ત કરે છે ત્યારે સતયુગનો આરંભ થાય છે. એના નિમિત્તે દીપાવલીના તહેવારે લોકો પોતાના ઘરો પર ધ્વજ ફરકાવે છે અને એ પણ કહે છે કે આ દિવસે રાજા પૃથુએ પૃથ્વી પર પોતાના ચક્રવર્તી રાજ્યનો પ્રારંભ કર્યો હતો અને પૃથ્વી હરિયાળીયુક્ત અને સુખસમૃદ્ધિ પૂર્ણ હતી. જ્યારે એના પહેલાં અહીં દરિદ્રતા હતી.

## મોટી દીપાવલી સતયુગી શ્રી નારાયણ રાજ્યની યાદગાર

દીવાળીના તહેવારોમાં મોટે ભાગે લોકો નવાં કપડાં પહેરે છે. કેટલાંક નવાં વાસણો ખરીદે છે અને જૂના ખાતાંઓ, ચોપડાઓ બંધ કરી નવાં ખાતાં, ચોપડાઓ બંધ કરી નવા ખાતાં, ચોપડાઓ શરૂ કરે છે. આ સર્વ નવી સૃષ્ટિમાં સુખ શાંતિ પૂર્ણ નવા યુગના આરંભનાં સૂચક છે.

હવે ફરીથી કલિયુગના અંત અને સતયુગના આદિના સંગમનો સમય ચાલી રહ્યો છે ત્યારે આપણે પોતાના જૂના હિસાબ કિતાબને સમેટવાનો પુરુષાર્થ કરવો જોઈએ અને ઈશ્વરીય જ્ઞાન તથા યોગ દ્વારા ઘર ઘરમાં જ્ઞાન દીપ પ્રગટાવવા સેવા કરવી જોઈએ. કારણ કે સર્વ અનિષ્ટમાંથી મુક્તિનું આ એક સાધન છે. એનાથી જ ભારતની દરિદ્રતા સમાપ્ત થશે અને અહીં સુખશાંતિના સતયુગના દિવસો આવશે. દીપાવલીના ઉત્સવને યથાર્થ રીતે આ રીતે ઉજવી શકાય.

॥ ઓમશાંતિ ॥

---

**(પેજ નં. 05નું અનુસંધાન)... તંત્રી સ્થાનેથી**

કુસંગના વિઘ્નથી મુક્ત બનતાં આતમદીપને માયાનાં વિઘ્નો નડશે નહીં. ગમે તેવાં તોફાનો આવે છતાં સદા એકરસ અખંડ જ્યોતિ સમાન દીપક જલતો રહે, તો દીપાવલીના પર્વની ઉજવણી સાર્થક થશે.

॥ ઓમશાંતિ ॥

**- બ્ર.કુ. કાલિદાસ**

## પ્રસન્નતાના પથ પર

# જેને બધાં રહસ્યોની ખબર હોય તે કદી નારાજ થતા નથી.

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



પરમાત્મા કહે છે કે જેઓ આપણી સાથે સારું વર્તન કરે છે તેમનો દરરોજ આભાર માનો. પરંતુ જે આપણી સાથે સારો વ્યવહાર કરતા નથી એમનો તો એમનાથી પણ વધુ આભાર માનો. કારણકે આપ આવ્યા તો મને પોતાનો અહંકાર ઘટાડવાની તક મળી. જો તમે નહીં આવતા તો મારો અહંકાર ક્યાં ક્યાં પહોંચી ગયો હોત. આપણા જીવનમાં જે વિઘ્નો નાંખે છે તેઓ આવે છે આપણી શક્તિ વધારવા. એમનો આભાર માનો કે તમે આવ્યા તો મારી શક્તિ કેટલી છે તેની મને ખબર પડી. જે નમે છે તે સાનુકૂળ છે જે ઝૂકતા નથી તે બીમારીની નિશાની છે. જે તંદુરસ્ત છે તે ગમે તેટલું નમી શકે છે. નમતી વખતે તે ગણતા નથી કે એક વાર નમું યા બે વાર નમું. કારણ કે નમવું તે એમને માટે સ્વાભાવિક છે. શરૂશરૂમાં નમવામાં દર્દ હોઈ શકે છે. જો કોઈએ બહુ દિવસથી કસરત કરી ના હોય, તો નમે છે ત્યારે નીચે હાથ પણ અડતા નથી. એટલા માટે આપણે શું કરવાનું છે? નમતા જવાનું છે, નમતા જવાનું છે. થોડા દિવસો પછી તે સ્વાભાવિક બની જશે. આપણે નમીએ છીએ તેની ખબર પણ નહીં પડે. નમવું એટલે તે પોતાનો વ્યવહાર કરે, આપણે આપણો વ્યવહાર કરીએ. એમના વ્યવહારની અસર આપણા ઉપર ન પડે. મારા નમવામાં મારી જીત સમાયેલી છે. કારણ કે મુજ આત્માની તાકાત નમવાથી વધશે. જેનું શરીર નમતું નથી તેનો આત્મા પણ નમતો નથી. તે કોઈની સાથે એડજેસ્ટ થઈ શકતા નથી. નવરાત્રીમાં આપણે દાંડિયા રાસ કરીએ છીએ તે કેટલી કમાલની ચીજ છે. એક બીજાને દાંડિયા મારે છે તો ઘણો સુંદર ડાન્સ થઈ જાય છે. પણ જો તે તેના તાલમાં ના મારે તો તે યુદ્ધનું મેદાન બની જાય. પરમાત્મા કહે છે સંસ્કારોનો રાસ કરો. એકના સંસ્કાર જોઈને પોતાના જીવનના સંસ્કાર એવા કરો કે જીવન રાસમય બની જાય. ઘરમાં સતયુગ આવી જાય. સૃષ્ટિ ક્યારે બદલાશે એની રાહ ના જુઓ. હું પ્રેમ સ્વરૂપ આત્મા છું. હું દિવ્ય આત્મા છું. તો દેવી-દેવતા, દિવ્ય આત્માનો મતલબ એ કે દરેકના સંસ્કાર, દરેકના વ્યવહારને જોતાં એને પણ દુઆઓ આપીએ કે આ આત્મા સારો બની જાય. પરમાત્મા આ આત્માને શક્તિ આપે. એવું ના વિચારીએ કે આ આત્માએ મારી સાથે આવું કેમ કર્યું? તે અંદરથી દર્દમાં છે. આ સમયે અહીં ઘણી બધી બીમારીઓ ચાલી રહી છે. કોઈને ઈર્ષ્યાની બીમારી છે. તો કોઈને ડરની બીમારી છે. કોઈને નિંદા કરવાની બીમારી છે. આપણે એ જોવાનું છે કે આ આત્માને કેવાં કેવાં દર્દ છે. જે સ્વયં જ દર્દમાં છે એનાથી શા માટે નારાજ થઈએ. પરમાત્મા કહે છે કે જેને બધાં રાજ (રહસ્ય)ની ખબર છે. તે કદી નારાજ થઈ શકતા નથી. કલિયુગ છે, ઘોર કલિયુગ છે. તો ઘોર કલિયુગમાં આત્મા રૂપી બેટરી ડાઉન છે. આ રાજની આપણને ખબર છે તો કોઈની સાથે નારાજ શા માટે થઈએ. તો આજથી દરેક આત્મા પ્રત્યે માત્ર દુઆઓ જ આપવાની છે. મનથી દુઆઓ આપવાની છે. દુઆઓ આપતાં આપતાં આપણી બેટરી ચાર્જ થઈ જશે.

॥ ઓમશાંતિ ॥

# દીપાવલીનું આધ્યાત્મિક રહસ્ય

## બ્ર.કુ. પૂર્ણિમાબેન, નડિયાદ

ભારતનો આધ્યાત્મિક વારસો અતિ ભવ્ય છે. આપણા તહેવારો ઋષિમુનિઓએ આવનારી પેઢીઓનો ખ્યાલ રાખીને બનાવ્યા. જેનો જગતમાં જોટો મળે એમ નથી. જનજીવનને માટેના સર્વમાન્ય નીતિનિયમો અને પ્રણાલિકાઓને એવું રૂપ આપ્યું છે જેનાથી જગ સમસ્તને આચાર, વિચાર અને આહાર-વિહાર તેમજ આત્માના કલ્યાણ માટે માર્ગદર્શન મળે.

વ્યક્તિ પરિવર્તન અને એને માટે તન મન તથા શુદ્ધ અને સાત્વિક સાધનની આવશ્યકતા છે. વધારે તો શું એમના નામ જ મનુષ્યને શ્રેષ્ઠ જીવનને માટે પ્રેરણા આપવાવાળા છે. બધા જ તહેવારોનાં મૂળ આધ્યાત્મિકતામાં છુપાયેલાં છે. પરંતુ લોકો આ તહેવારોની અલૌકિકતા, દિવ્યતા, આધ્યાત્મિકતાને ભૂલી લૌકિક રીતિથી ઉજવે છે. એટલા માટે એમને અલૌકિક સુખની અનુભૂતિ થતી નથી. પરમાનંદની ખુશી થતી નથી. આજ વાત દીપાવલી ઉજવવાના વિષયમાં પણ કહી શકાય. દીપાવલી શબ્દનો પણ લૌકિક જ અર્થ લઈને ઘણા કાળથી લોકો દર વર્ષે આ દિવસે માટીનાં કોડિયામાં દીપક સળગાવે છે. અથવા વીજળી ના પ્રકાશથી ઘરને સજાવે છે. એમનું ધ્યાન આત્મિક જ્યોતિને જાગૃત કરવામાં નથી જતું, એટલે એ દિવ્ય જ્યોતિની અવસ્થામાં સ્થિત થઈ શકતાં નથી અને એનો રસ પણ લઈ શકતા નથી. વાસ્તવમાં દીપાવલી શબ્દ લૌકિક દીપમાળાનો વાચક નથી. પરંતુ આત્મારૂપી દીપકને જાગ્રત કરવાનો સૂચક છે. આ સત્યતા દીપાવલીના વિશે પ્રચલિત આખ્યાનો, દંતકથાઓ પર વિચાર કરવાથી પણ સ્પષ્ટ સમજી શકાય છે.

### ધનતેરશ, કાળીચૌદશ, દિવાળી/દીપાવલી

દીપાવલીનો તહેવાર આસો માસની અમાવસ્યાની રાત્રીએ ઉજવવામાં આવે છે. દીપાવલીનાં બે દિવસ પહેલાં ધનતેરસ અને એક દિવસ પહેલાં કાળી ચૌદશ ઉજવવામાં આવે છે. કાળી ચૌદશને જ નર્ક ચૌદશ પણ કહે છે. એના વિશે દંતકથાઓ પ્રચલિત છે.

ધનતેરશની વિશેષ દંતકથા છે કે એક વાર યમરાજે પોતાના દૂતને પૂછ્યું કે જ્યારે તમે પ્રાણીઓના પ્રાણ હરવા જાઓ છો ત્યારે શું તે સમયે તમને દયા પણ આવે છે કે નહીં? એના જવાબમાં યમદૂતે કહ્યું મહારાજ, જ્યારે અકાળે મૃત્યુ થાય છે, ત્યારે જરૂર દયા આવે છે. પોતાની વાતને સ્પષ્ટ કરતાં યમદૂતે એક ઉદાહરણ સંભળાવ્યુ. યમદૂતે કહ્યું. યમરાજ, એકવાર રાજા શિકાર કરતાં કરતાં બીજા કોઈના રાજ્યમાં પહોંચી ગયો. ત્યાંના રાજાએ તેમનો આદર સત્કાર કર્યો. સત્કાર કરવાવાળા રાજાને ત્યાં તે જ દિવસે પુત્રનો જન્મ થયો. પરંતુ આકાશવાણી થઈ કે તમારો આ પુત્ર વિવાહના ચાર દિવસ પછી મરી જશે. આ વાતથી બંને રાજાને દુઃખ થયું. બંનેએ અનેક ઉપાય કર્યાં. પરંતુ વિવાહના બરાબર ચાર દિવસ પછી જ્યારે બધા ખુશી મનાવી રહ્યા હતા ત્યારે યમદૂતે એ પુત્રના પ્રાણ હરી લીધા. એટલે ત્યાં ખુશીને બદલે રડવા કકળવાનું શરૂ થઈ ગયું. આવા અકાળે મૃત્યુને જોઈને પ્રાણીઓ ઉપર દયા આવે છે. તેથી હે યમરાજ, આપ કોઈ એવો ઉપાય બતાવો કે જેનાથી પ્રાણી અકાળે મૃત્યુથી ઉદ્ધાર મેળવી શકે. આ સાંભળીને યમરાજે કહ્યું કે જે પ્રાણી

ધનતેરશના દિવસે ધર્મશાળા, મંદિર, મઠ, આદિ સ્થાનો પર દીપક સળગાવશે અથવા દીપદાન કરશે એનું અકાળે મૃત્યુ થશે નહીં. અને તે ધનધાન્ય સંપન્ન થશે.

ઉપરોક્ત દંતકથા પર વિચાર કરવાથી સ્પષ્ટ થાય છે કે એનો કોઈ લૌકિક ભાવ હોઈ શકે નહિ. અથવા માટીના દીપક સળગાવવાથી મનુષ્ય યમના દંડથી કે અકાળે મૃત્યુથી બચી શકે નહીં. કારણ કે અકાળે મૃત્યુનું કારણ મનુષ્યનાં કર્મ ભોગ છે. જ્યારે કોઈના શરીર દ્વારા ભોગવવાનાં કર્મ સમાપ્ત થઈ જાય ત્યારે આત્માને શરીર છોડીને બીજા શરીર દ્વારા એના કર્મભોગ શરૂ થઈ જાય છે. વાસ્તવમાં જ્યારે મનુષ્ય જ્ઞાન તથા યોગ દ્વારા આત્મારૂપી દીપક જાગ્રત કરે છે, ધર્મશાળા, મંદિર, મઠ આદિસ્થાનો પર એકત્રિત થઈને જે અનેક ઈશ્વર પ્રેમીઓ હોય છે, તે ભવિષ્યમાં યમ યાતનાઓથી તથા અકાળે મૃત્યુથી બચી જાય છે.

આવી જ વાત કાળી ચૌદશના વિશે પણ પ્રચલિત છે કે આ ત્રણ દિવસોમાં વામન અવતારે જ્યારે બલિની પૃથ્વી ત્રણ પગલામાં માપી લીધી તો વામને બલિને કહ્યું કે કોઈ વરદાન માંગો. તો બલિએ કહ્યું, મારે પોતાને માટે તો કંઈ વરદાનની આવશ્યકતા નથી. પરંતુ લોક સંગ્રહને માટે આ પૂછવા માગું છું કે યમની યાતનાથી છૂટવાનો શું ઉપાય છે? તો યમે કહ્યું કે મનુષ્ય આ દિવસે દીપક સળગાવે અને દીપકદાન કરે. એટલા માટે આજ સુધી લોકો દિવાળીના પહેલાં પણ દીપક કરીને પિતૃઓને પણ માર્ગ બતાવે છે. જેના પિતા જીવિત હોય તે પણ તર્પણ કરી શકે છે. ઉપરની દંતકથાથી પણ સ્પષ્ટ છે કે વાસ્તવમાં એમાં પણ સંકેત જ્ઞાન પ્રકાશ કરવા અથવા યોગદાન કરવા માટે જ છે. સ્થૂળ દીપકદાન કરવાથી ભલા પિતૃઓના માર્ગ કેવી રીતે પ્રકાશિત થઈ શકે? જીવત જાગતા પિતાના ભવિષ્યના માર્ગને પ્રકાશિત કરવા માટે તર્પણ કરવાની વાત પણ યોગરૂપી દીપકદાનથી ઠીક સિદ્ધ થઈ શકે છે. નહિ તો હસવા જેવી વાત બની જાય છે. યોગદાન દ્વારા જ જીવતાં અને મરેલાં બંને પ્રકારનાં સંબંધીઓનું થોડું ઘણું કલ્યાણ કરી શકે છે. અને એમાં પણ ભારતના તહેવારોની મહાનતા છે કે મનુષ્યને ફક્ત પોતાના કલ્યાણ માટે પ્રેરિત નહીં કરે પણ પોતાનાં મિત્ર સંબંધીઓ તથા અન્ય જનોના કલ્યાણ માટે એને કર્તવ્યનિષ્ઠ કરે છે. વિચારવાની વાત એ છે કે જો ધનતેરશ અથવા કાળી ચૌદશના દિવસે દીપક સળગાવવાથી કોઈ યમના દંડથી અથવા અકાળે મૃત્યુથી છૂટી શકે તો પછી સંસારમાં સતસંગ, યોગ, સંન્યાસ, બ્રહ્મચર્ય આદિ આદિ સાધનોની શું આવશ્યકતા હતી? એ સ્પષ્ટ છે કે દીપકદાન કરવાનું કે દીપક સળગાવવાનું લૌકિક અર્થમાં સમજવું ભૂલભરેલું છે. વાસ્તવમાં યોગ દ્વારા આત્મરૂપી દીપક જાગ્રત કરીને અનેક આત્માને પણ જ્ઞાન યોગનું દાન કરવું, એનો ઉદ્ધાર કરવો એ જ સાચો અર્થ છે.

દીપાવલી બાદ નવું વર્ષ શરૂ થાય છે. નવા વર્ષમાં પ્રથમ દિવસે લોકો વહેલા ઉઠીને નવા વસ્ત્રો પહેરીને તૈયાર થાય છે. ગરીબ, તવંગર બધા જ તે દિવસે વિશિષ્ટ આનંદમાં હોય છે. બહેનો-માતાઓ મીઠાઈઓ બનાવે છે અને પછી સ્વજનો, મિત્રો, સંબંધીઓને ત્યાં શુભકામનાઓ આપવા માટે, સાલમુબારક કરવા માટે એકબીજાને ત્યાં જાય છે. મિલનમુલાકાત થાય છે. શુભભાવનાઓ, મંગલ-કામનાઓનું આદાન-પ્રદાન થાય છે. ટપાલ દ્વારા પણ ભાવનાઓ વહેતી મુકાય છે. નવા દિવસો ખરેખર નવા લાગે છે. કેટલાક લોકો નવા સંકલ્પો લે છે. બે ચાર દિવસ બધું નવું લાગે છે વળી પાછી રોજીંદી ઘરેડ ચાલુ થઈ જાય છે.

(અનુસંધાન પેજ નં. 07 પર)

# પાપ કર્મ અને વિકર્મમાં અંતર

બ્ર.કુ. ઉષાબેન, શાંતિવન, આબુરોડ



પરમાત્માનાં મહાવાક્યો સૌ સાંભળે છે. પરમાત્માની મુરલીથી આપણે પોતાના દિલદર્પણમાં જોવાનું છે કે આપણે ક્યાં સુધી પહોંચ્યા છીએ. એને આપણે જાણી શકીએ અને સમજી શકીએ. એટલા માટે આ મહાવાક્ય અમ બાળકોને જાણે વારંવાર એટેન્શન ખેંચાવતાં આપણને મહસૂસ કરાવે છે પુરુષાર્થી રેસમાં આગળ વધતા જવાનું છે. બાબાનાં અંતિમ વાક્ય નિરાકારી ભવ, નિરહંકારી ભવ, નિર્વિકારી ભવ અને જેવાં બાબાનાં મહાવાક્યો સાંભળતાં આપણ બાળકો એ બતાવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ કે સંપૂર્ણતા દૂર નથી.

બીજું બાબાનો જે ભાવ હતો મેં જે સંપૂર્ણતા પ્રાપ્ત કરી છે તેનું આ ત્રણ વાતોમાં એટેન્શન આપ્યું છે. સ્થિતિ યા મનસામાં નિર્વિકારી સ્થિતિ. જ્યાં સુધી આપણી નિર્વિકારી સ્થિતિ નથી ત્યાં સુધી વિજય મેળવી શકીશુ નહીં. બાબા કહે છે કે બાળકો દેહ સહિત, દેહના સર્વ સંબંધોથી બુદ્ધિ હટાવીને ફક્ત મારી સાથે જોડો. સત્યની સાથે જોડો કારણ કે બાપ સુખદાતા છે. કહેવાનો ભાવાર્થ એ છે કે આપણી સ્થિતિ જેટલી ઊંચ હશે, જેટલી સાકારીથી આકારી, આકારીથી નિરાકારીમાં દરેક કદમ વધારતા જઈશું તો આ સ્થિતિ આપણી નિરંતર બની જશે. દેહી અભિમાની કહો, આત્મ અભિમાની કહો. દેહી અભિમાની જ્યારે આપણે કર્મ કરીએ છીએ અને આત્મ અભિમાની જ્યારે આપણે વિશેષ યોગમાં બેસીએ છીએ એ સમયે આ દેહ પણ ભૂલાયેલો હોય. માત્ર એક નિરાકારી સ્થિતિ મજબૂત હોય અને જેટલી આપણી સ્થિતિ મજબૂત બનતી જશે એટલું મનની અંદર કોઈ પણ પ્રકારના વ્યર્થ કાદવ હશે યા કોઈ કોઈ પણ પ્રકારના બીજા વિચારો હશે તો સંપૂર્ણ રીતથી સમાપ્ત થઈ જશે.

પરમાત્માનું કહેવું છે કે બાળકો નિરાકારી બનવાનો અર્થ છે કે આપણાં પાપકર્મ દેહ સમજવાથી શરૂ થઈ જાય છે. જેવા આપણે પોતાના આ કોન્શીયસ મનમાં લઈ આવીએ છીએ તો આપણા સંકલ્પમાં મોહ, લોભ એ આવવા લાગે છે. અને જેવાં એ શરૂ થાય છે એટલે પાપકર્મ બનવાનાં શરૂ થઈ જાય છે. આપણે શરીર અને શરીરના સંબંધો માટે હોઈએ છીએ. પરંતુ હોય છે તો સ્વાર્થ. જેને કારણે દરેક પળે વિકર્મો બને છે. હવે આપ વિચારો આપણે પરમાત્માને પ્રત્યક્ષ કરવા ઈચ્છીએ છીએ. પણ થોડી પણ બુદ્ધિ સ્થૂળમાં જાય છે તો આપણાં કર્મ કેવાં હશે? આટલો લાંબો સમય આપણને કેમ લાગે છે. સંપન્ન બનવામાં કારણ કે જે મૂળ છે તે કયાંય વિખરાયેલું પડ્યું છે તે છે અભ્યાસ. ભગવાનના રથ જેમને આપણે બ્રહ્મા કહીએ છીએ એમણે વારંવાર અભ્યાસ કરીને પોતાને દેહથી મુક્ત કર્યા. દેહથી મુક્ત અર્થાત્ દેહ જ્યારે ભૂલાય તો ઓટોમેટિકલી દેહના સંબંધ, દેહના પદાર્થ, દેહના જે કંઈપણ ભાવ, સર્વ સમાહિત થઈ ગયા. બધાં વિકર્મ બંધ. બસ આજ આપણને પરમાત્માની તરફથી એક સેમ્પલ મળ્યું જેઓએ અભ્યાસ કર્યો ચાલતાં, ફરતાં, ઉઠતાં-બેસતાં અને તેઓ આજે ફરિશ્તાના રૂપમાં સર્વની સામે ઉદાહરણ છે.

આ દુનિયામાં આપણે ગમે તેટલી યુક્તિઓ અપનાવીએ. ભલે કેટલા પણ સારાં કર્મ કરવાનો દાવો કરીએ. પરંતુ આપણાથી વિકર્મ થાય છે. આપણે નિઃસ્વાર્થ સેવા કરવાનો દાવો કરીએ છીએ પણ એમાં પણ માન-શાનની ઈચ્છા છે. એનો બોજ આપણા ઉપર છે.

અને જે નિરાકારી છે. નિરાકારી અર્થાત્ જેનું કોઈ શરીર નથી એને પ્રકૃતિનું કોઈ આકર્ષણ નથી. તે સર્વ કાંઈ ભગવાનની જેમ કરવા લાગે છે. એનાથી પાપ થવાં બંધ થઈ જશે. આ તપસ્યા કેટલી ગહન અને લાંબી છે એના ઉપર એટેન્શન આપીએ તો સર્વ કાંઈ થઈ શકે. રીઅલાઈઝેશન તો ત્યારે થશે ને. કારણ કે જ્ઞાનમાં તર્ક પણ આપીશું. પણ દિલ દર્પણમાં દિલ સાબિતી આપવાનું શરૂ કરી દેશે કે આ બરાબર નથી. એટલે તો દિલનું દર્પણ છે અને જ્ઞાનનું દર્પણ છે. પરમાત્મા કેટલીયે વાર પોતાનાં અવ્યક્ત મહાવાક્યોમાં કહેતા આવ્યા કે જો સમજમાં ના આવે તો દેખો કે બ્રહ્માબાબા આ સ્થાન પર હોત તો શું કરતા? શું બાબા એવું ઈચ્છે છે? બાબા એવું કરે છે? પરિસ્થિતિ શું બાબાની સામે નથી આવી. આવીને.. પરંતુ જે બહાનું હું બતાવી રહી છું તો મારી જગ્યાએ બ્રહ્માબાબા હોત તો શું કરતા. આ દર્પણ જો સામે લઈ આવો તો સાકાર બાબાનું તો જેમ દૂધનું દૂધ, પાણીનું પાણી થઈ જાય છે બાપ હોતા તો શું કરતા? તો બાબાનું એક પ્રત્યક્ષ જીવનનું દર્પણ મળ્યું છે. આપણને શ્રીમતનું દર્પણ મળ્યું છે. એટલે આજથી અને અત્યારથી આપણે નિરાકારી સ્થિતિનો અભ્યાસ કરવાનો છે. સ્થિતિ બનાવવાનો બસ આ એક ઉપાય છે.

**॥ ઓમશાંતિ ॥**

# કળિયુગનાં છ છીંડાં

**મીરા ભટ્ટ**

ઘણાં ઘણાં વર્ષો પહેલાંની વાત. ત્યારે ભારતભૂમિ પર પરીક્ષિત રાજા રાજ્ય કરતા હતા. દ્વાપરયુગ પૂરો થતો હતો, તે વેળાની આ વાત છે. એક યુગ પૂરો થાય, એટલે બીજો યુગ સામે આવીને ઊભો રહે. કળિયુગ બારણાં ખખડાવી સામે આવીને ઊભો રહ્યો. પણ રાજા સમજુ હતા. એમણે તો કળિયુગને દાખલ થવાની ઘસીને ના પાડી દીધી.

પણ સામે કળિયુગ પણ ભારે લપિયો. કેમે કર્યો ખસે જ નહીં. કહે કે હું તો ભગવાનનો મોકલેલો અહીં આવ્યો છું. એમ મને પાછો મોકલો તે ન ચાલે. મને રહેવાનું કાંઈક ઠામ તો આપવું જ જોઈએ.

રાજાએ ઘણી રકઝક કરી, પણ બારણે પૂગી ગયેલો કળિયુગ એમ ઠાલો પાછો જાય તેવું ના લાગ્યું. એટલે વચન આપીને રાજાએ પૂછ્યું, 'વારુ, તું ક્યાં રહેવા માગે છે?'

કળિએ કહ્યું, 'જુઓ મહારાજા! હું તમને ઝાઝું નહીં કનડું, પણ તોય રહેવાનાં મને છ ઠામ તો દેવાં જ પડશે.'

'ક્યાં છ ઠામ?' રાજાએ પૂછ્યું,

કળિએ જવાબ દીધો, 'જુઓ એક તો, જ્યાં જુગાર ખેલાતો હોય, બે જ્યાં દારૂ પિવાતો હોય, ત્રણ જ્યાં સોનું ઘડાતું હોય, ચાર જ્યાં ક્રૂર વેપાર ચાલતો હોય, પાંચ જ્યાં સ્ત્રીના દેહનું લીલામ થતું હોય અને છ જ્યાં હિંસાત્મક રમતો રમાતી હોય.'

રાજા વચને બંધાઈ ગયેલા એટલે કળિયુગની આટલી વાત એને માનવી પડી. આવી રીતે કળિયુગે આ પૃથ્વી પર પગપેસારો કરીને ધીરે ધીરે પોતાની જાળ ચારે કોર ફેલાવવા માંડી. આજે પણ એ છ ઠામમાં કળિયુગનો પ્રભાવ વિશેષ રૂપમાં જોવા નથી મળતો? **॥ઓમશાંતિ ॥**

## દિવ્યદર્શન

# નિરોગી તન-મન : શ્રેષ્ઠ આરોગ્યની ચાવી

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

ઓક્ટોબર 2021માં યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના વર્લ્ડોમીટર સેન્સસ બ્યૂરો દ્વારા પ્રાપ્ત થયેલા આંકડાઓ પ્રમાણે, વિશ્વની વસ્તી અંદાજિત 7.9 અબજ સુધી થઈ ગઈ છે. પરંતુ, આ સર્વ માનવ આત્માઓમાં સૌથી સામાન્ય એક વાત એ છે કે, આ બધા મનુષ્યોમાં કોઈક ને કોઈક શારીરિક અથવા માનસિક રોગથી પીડાતા જોવા મળે છે. કહેવાય છે કે જે ભોગી હોય તે રોગી હોય જ અને જે યોગી હોય તે સદૈવ નિરોગી હોય. સામાન્યત: રીતે એવું માનવામાં આવે છે કે શરીરનું પોષણ અને વિકાસ પેટમાં પહોંચનાર આહારથી થાય છે અને તેના માટે સમગ્ર વિશ્વમાં સ્વચ્છ, પૌષ્ટિક અને સંતુલિત આહારની તાતી જરૂરિયાતોનું લાબું મોટું વર્ણન કરવામાં આવે છે અને મોટેભાગના લોકો તે વાતને સ્વીકારે પણ છે. આ વાતમાં કોઈ બે મત નથી કે શરીર સ્વસ્થ રહે તેના માટે નિશ્ચિતપણે પૌષ્ટિક અને સંતુલિત આહાર આવશ્યક છે. પરંતુ તેનાથી પણ વધુ મહત્ત્વપૂર્ણ એ વાત છે કે - માનસિક સ્થિતિનું સંતુલન જળવાઈ રહેવું. ખોરાકથી આપણે શારીરિક શક્તિ મેળવીએ છીએ. તે શક્તિથી શરીર સ્વસ્થ બને છે. પરંતુ એ ખોરાકને પચાવવામાં જે શક્તિ ખર્ચાય છે એ ક્યાંથી આવે છે? શું તેની જાણકારી આપને છે? કદાચ નહીં હોય... ખોરાકને પચાવવાની માટે નહીં પણ શરીરના અન્ય અંગો-અવયવોને પણ યોગ્ય રીતે સક્રિય અને સુવ્યવસ્થિત જાળવી રાખવા માટે આવશ્યક શક્તિનો સ્ત્રોત જો કોઈ હોય તો, તે આપણું મન છે. અત: મન જો અશાંત હશે તો ગમે તેટલો પૌષ્ટિક ખોરાક લીધો હશે તો પણ તેનો કોઈ ખાસ લાભ મળશે નહીં. પરંતુ તેનાથી તદ્દન વિરુદ્ધ, જો આપણી માનસિક સ્થિતિ એકદમ શાંત અને સંતુલિત હશે તો, આપણે સાદો ખોરાક લઈને પણ સુંદર અને શ્રેષ્ઠ આરોગ્ય જાળવી રાખીશું. તેનું સૌથી મોટું અને જીવંત ઉદાહરણ જંગલમાં રહેનારા આપણા આદિવાસી ભાઈ-બહેનો કે જેઓ આજે પણ કંદમૂળ ખાઈને સંપૂર્ણ નિરોગી જીવન શાંતિથી પસાર કરી રહ્યા છે.

આપણે જુદા-જુદા પ્રકારના શારીરિક રોગોના ઉપચાર માટે ડોક્ટર, વૈદ તેમજ શાસ્ત્રવૈદ વગેરેની પાસે જઈને તેમની પાસેથી પરામર્શ લઈ, દવા વગેરે લઈ, તેમજ પરેજી પાળીને સ્વસ્થ રહેવાનો પ્રયાસ કરીએ છીએ. પરંતુ તેમ છતાં આપણે રોગોમાંથી સંપૂર્ણ પણે છુટી શકતા નથી. કદાચ જો રોગોમાંથી મુક્તિ મળી પણ જાય તો તે થોડા સમય માટે જ મુક્ત થાય છે. આનું કારણ શું? થોડો વિચાર કરીએ કે, જો તમારી ખરાબ થયેલી કાર ગેરેજમાં રીપેરીંગ કરાવ્યા પછી સારી થઈ જાય, પણ તે કારને ચલાવનાર ડ્રાઈવર જ જો તંદુરસ્ત ના હોય તો તે કાર કેવી રીતે ચલાવશે? તો મૂળ વાત એ છે કે, આપણા ભૌતિક શરીરને ચલાવનાર ચૈતન્ય શક્તિ, કે જેને આપણે આત્મા કહીએ છીએ, તે આત્મા જ રોગી બની જાય તો પછી તેનો ઉપચાર કરનાર કોણ? અથવા તો એને નિરોગી બનાવનાર કોણ? અતિસૂક્ષ્મ જ્યોતિબિંદુ સ્વરૂપ આત્માનું ઓપરેશન કરી અને નિરોગી બનાવવાની યોગ્યતા તો માત્ર એક જ સુપ્રિમ સર્જન કે સુપ્રિમ ડોક્ટર પરમપિતા પરમાત્માની

પાસે જ છે. માટે જ્યારે આ ધરા પરના ડોક્ટરો બધા ઉપચાર અજમાવીને પછી છેલ્લે પરમાત્મા ઉપર જ છોડી દે ત્યારે અંતે એમ કહે છે કે, હવે તો બધું જ ઉપરવાળાના જ હાથમાં છે. તો આ બોલ પરથી એવું સાબિત થાય છે કે, સારવારના તમામ વિકલ્પો સમાપ્ત થઈ જાય, ત્યારે માત્ર એક પરમાત્મા જ રોગી આત્માનો ઉપચાર કરી, નિરોગી બનાવી ફરી નવજીવન અર્પી શકે છે.

વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં લોકો ડોક્ટરની દવા કરીને, ઓપરેશન કરાવીને પણ હતાશ અને નિરાશ થઈ ગયા છે. કારણ કે તેમને જે પ્રકારનો પૂરેપૂરો લાભ મળવો જોઈતો હતો તે પ્રકારે ફાયદો શું કામ નથી થતો. કારણ કે તેઓ આ વાત વિશે અજાણ છે કે ખરેખર સર્વ રોગોનું મૂળ કારણ આપણું મન જ છે માટે, જો મન તંદુરસ્ત થઈ જાય, વિચારસરણી બદલાય જાય તો બધા જ રોગો મટી શકે છે. મહાત્મા ગાંધીએ પમ આ જ વાત શીખવી હતી કે ખુશ રહેવા માટે પોતાની વિચારસરણી બદલો. તેથી જો આપણે વ્યર્થ (નકામા) સંકલ્પો (વિચારો)નો ત્યાગ કરી હકારાત્મક વિચારવાનું શરૂ કરીશું તો આપણું મન સ્વસ્થ થવા લાગશે અને તેનો સારો એવો પ્રભાવ આપણાં શરીર ઉપર પણ અવશ્ય થશે.

આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે, સાયકલના પેડલ અને સાયકલ સવારના પગ, હેન્ડલ અને હાથનો ખૂબ નજીકનો સંબંધ હોય છે. તો જો પગ બરોબર છે પણ પેડલ તૂટેલું હોય તો સાયકલ ચાલી ના શકે. ત્યારે સાયકલ ચલાવનારનું પહેલું કામ એ છે કે, તે પોતાની સાયકલનું પેડલ રીપેરીંગ કરાવે. તેવી જ રીતે આપણું જીવન પણ એક સાયકલના ચક્રની જેમ છે. જેને આપણે જીવન-ચક્ર કે કાળચક્ર કહીએ છીએ. આ જીવનચક્ર સરળ રીતે ચલાવવા માટે શરીર અને આત્મા બન્નેનું ફરજિયાત સ્વસ્થ હોવું જરૂરી છે.

તો આવો, આજથી આપણે સર્વશક્તિવાન પરમાત્માની શક્તિઓનાં કિરણોને પોતાની અંદર સમાવતા જઈ સ્વયંમ્ (એટલે કે આત્મા)ને શક્તિશાળી બનાવીએ અને તેમના દ્વારા પ્રાપ્ત ગુણોથી પોતાના સ્વાસ્થ્યને પણ તંદુરસ્ત અને ઉન્નત બનાવીએ.

**॥ ઓમશાંતિ ॥**

(પેજ નં. 29નું અનુસંધાન)... ગહન તપસ્યા

## પ્રભુ પ્રત્યે પ્રેમની માત્રા વધારતા જાઓ

એકાંતમાં બેસીને સ્વયંની સ્થિતિને ચેક કરવાથી આપણને ખબર પડે છે કે બુદ્ધિરૂપી દોરીઓ કેટલી જગાએ બંધાયેલી છે અને ક્યાં ક્યાં આપણો પ્રેમ વિખરાયેલો છે. પરમાત્માની સાથે આપણો બુદ્ધિયોગ જોડાયેલો હશે પરંતુ સાથે સાથે કોઈ વ્યક્તિ યા વસ્તુથી પણ સૂક્ષ્મમાં કેટલાક ટકા બુદ્ધિયોગ જોડાયેલા હોવાથી સંભાવના છે. તો સર્વ સંબંધોની અનુભૂતિ એક પરમાત્માથી જ કરો. દિનપ્રતિદિન પ્રભુ પ્રત્યે પ્રેમની માત્રા વધારતા રહો. જેટલી પ્રેમની માત્રા વધતી જશે, એટલી જ બુદ્ધિ સાગરની ગહનતાથી ડૂબેલી રહેશે અને એટલા જ ગહન અનુભવ તપસ્યામાં થતા રહેશે. આવા ગહન અનુભવ આગળ જતાં ઘણાં કામમાં આવશે. યાદ રાખો જો પોતાની પાસે અનુભવોની ખાણ હશે, તો માયાનાં બાણ લાગશે નહીં.

**॥ ઓમશાંતિ ॥**

# એક પરિચય

## બ્ર.કુ. પૂનમબેન, કચ્છ, ગુજરાત

મારુ લોકિક નામ બી.કે. પૂનમ છે. હું ગુજરાતના કચ્છ જિલ્લાના, નાના કેતુ શાંતિપ્રિય શહેર આદિપુરમાં રહું છું. છેલ્લા ૨૦ વર્ષથી જ્ઞાનમાં સેવાઓ આપી રહી છું. આત્મા સમાન એક અતિ સૂક્ષ્મ કોરોના વાયરસના કારણે ભારતભૂમિથી દૂર વિદેશ ભૂમિ દુબઈ જઈને lockdownમાં મેં કેવા સુંદર અનુભવ કર્યા. તે દરમિયાન શું ગુમાવ્યું, શું મેળવ્યું તે અનુભવો આપની સાથે શેર કરી રહી છું. શિવજયંતી આનંદપૂર્વક માણીને હું 25 ફેબ્રુઆરી 2020ના રોજ પોતાના લૌકિક પરિવારને મળવાના લક્ષ્ય સાથે આદિપુરથી અમદાવાદ સુખ-શાંતિ પૂર્વક વૃદ્ધોના આશીર્વાદ લઈને દુબઇ પહોંચી.

અહીં મને દુબઈ સેન્ટર પર પાલના મળતી રહી અને હું ખુશીથી ચાલતી રહી. અચાનક એક અદ્રશ્ય વાયરસે હંગામો મચાવી દીધો. બધું જ lockdown થઈ ગયું. જેના લીધે મારું સૌથી મોટું નુકશાન એ થયું કે મારું સેન્ટર પર જવાનું બંધ થઈ ગયું. હવે હું ઘરેથી મોબાઈલ પર ક્લાસ કરવા લાગી પરંતુ મોબાઇલમાં અને થોડા યોગથી તે સંતુષ્ટતા મળતી ન હતી. ખાલીપણું લાગતું હતું. લૌકિકમાં સહયોગ છે પણ જ્ઞાનમાં કોઈ ચાલતું નથી. કહેવાય છે કે પરમાત્મા પોતાના સાચા બાળકોને ક્યારેય, કોઈપણ રીતે દુ:ખી - ઉદાસ જોઈ શકતા નથી. બસ આવી જ રીતે એક નજર મારા પર પડી. એક દિવસ અચાનક જ મારા મોબાઇલથી અમદાવાદ સેન્ટરની એક બહેનનો નંબર મળી ગયો જે શાયદ બાબાની ટચમાં હતી. મેં તેમને મેસેજમાં દુબઈ આવવાના સમાચાર આપ્યા તેમણે મને પોતાના Zoom Appની ID મોકલી કહ્યું કે આ આઈડી પર સવારે છ વાગે મુરલી ક્લાસ હોય છે. તમે જોઈન કરી શકો છો. મારી તો જાણે લોટરી લાગી ગઈ. વહેલી સવારે મુરલી ક્લાસ અને પછી આખા દિવસ વેરાઈટી નાસ્તા ગૃહકાર્ય રૂપમાં મળી જતું હતું. આખો દિવસ એવી રીતે સફળ થઈ જતો કે ખબર પણ ન પડતી હતી. હું તો પોતાના લૌકિક પરિવારને મળવા માત્ર બે મહિના માટે દુબઈ આવી હતી. પણ કહેવાય છે ને માણસના મનમાં કંઈક હતું, માલિકના મનમાં બીજું કંઈક. લગભગ આ બધું એક નાટકની જેમ તપસ્યા પરીક્ષાની વેળા હતી.

ભારત આવવાનો સમય આવ્યો તો અમદાવાદની ટિકિટ મળી નહીં. બે ત્રણ વાર બુકિંગ કરાવેલી હતી પણ ફ્લાઈટ કેન્સલ થતી રહી. વાહ રે બાબા કુદરતના પણ નજારા અનોખા છે. ઘણા પ્રયાસો પછી 15 ઓગસ્ટ 2020ની વંદે માતરમની ટિકિટ બુક થઈ. તે પહેલા કરોના ટેસ્ટ કરાવવો આવશ્યક હતું. કોરોના રિપોર્ટ positive આવ્યો. હું તો પરમાત્માની દયાથી સંપૂર્ણપણે સ્વસ્થ હતી.

મારામાં બીમારીના કોઈપણ લક્ષણ ન હતા. મેં તો પૂરી તૈયારી કરી લીધી હતી. 14 ઓગસ્ટના રોજ મને દુબઈ હોસ્પિટલમાં isolated કરાવાઈ. અહીંયા રૂમમાં આવતા જ મધુબન મીઠા ઘરની યાદ આવી ગઈ. એકલી હતી અને 14 દિવસ રહેવાનું હતું. આ વિચાર સાથે ચિત્ર સામે આવી ગયા કે આપણા પૂર્વજોને 14 વર્ષ તપસ્યા કરી યજ્ઞના પિલર બનીને હજી સુધી યજ્ઞને સાંભળી રહ્યા છે. મારે પણ અહીંયા 14 દિવસ તપસ્યા કરવાની છે. પોતાના જીવનના પિલરને મજબૂત

બનાવવાનો છે. આ તપસ્યામાં મને સેન્ટરથી મળેલ અવિનાશી ખજાનાનો પૂરો સહયોગ મળ્યો. બાબાએ એવા એવા અમૂલ્ય રત્ન આપ્યા છે જે આપણા જીવનને પોલીશ કરવા માટે નિમિત બનાવી રહ્યા છે. અમદાવાદ (ભોપાલ) સેન્ટરથી 23 મે થી Zoom App જોઈન કર્યું હતું. અમને આખો મહિનો પોતાની અનુભવી બહેનો સાથે મુલાકાત કરાઈ હતી.

જૂન મહિનો મમ્માનો મહિનો ઉજવ્યો. આ આખા મહિના દરમિયાન બધાના અનુભવ્યો સાંભળ્યા. જૂન મહિનામાં અમારી આદરણીય વંદનીય સરલાદીદીની યાદ પણ મનાવાઈ ગઈ. જુલાઈ મહિનો અમે દીદીજીના નામ મારા પૂર્વજ અમારા ગૌરવ કરીને મનાવાયો. જેમાં અમે પૂરા મહિના અમારા બધા પૂર્વજોનો વીડિયો જોયો અને સાંભળ્યો. ઓગસ્ટ મહિનો તો છે જ તહેવારોનો મહિનો એમાં બધા તહેવારોનો Zoom App પર લાભ ઉઠાવ્યો. આદરણીય પ્રકાશમણિ દાદીજીની યાદ દિવસ પણ ઉજવ્યા. 15 ઓગસ્ટના રોજ હું isolated રૂમમાં પછી ઘર યાદ આવી ગયું. રૂમમાં બધા દાદીઓની ઉપસ્થિતિનો આભાસ થયો. અહીંયા આવતા જ મેં પોતાની દિનચર્યા ચાલુ રાખી. વહેલી સવારે મુરલી ક્લાસ અને તે જ ગૃહકાર્ય. રૂમમાં એકલી હોવાથી જાણે મારુ રાજ્ય હતું. ગમે ત્યાં ટ્રાફિક કંટ્રોલ વાગે, ગીત વાગે, ક્લાસીસ ચાલે, વિડિયો જોઉં. રૂમમાં પલંગ હતા એકલી જ હતી શાયદ બાબાએ પૂરેપૂરો લાભ લેવા માટે બીજા કોઈને મોકલ્યા નહીં.

અહીંયા સેન્ટરથી મળેલો ખજાનો જે જમા હતો તે ખોલ ખોલ કરીને વાંચતી અને સાંભળતી રહી. પ્રભુ પિતા રહેમ દિલના પ્યાર લૂંટી રહી હતી. પોતાને પિતાની સાથે જોઈન્ટ અનુભવ કરી રહી હતી. બેજ પણ સેવા કરી રહ્યો હતો. ચા પીવાનો નિયમ પણ સેવા કરાવી રહ્યો હતો. ડોક્ટર અને નર્સ ઊભા રહીને પૂછતા રહેતા હતા. પિતાની સાથે વાયરસના કારણે પણ વાતો કરી રહી હતી કે ભગવાનને તો પ્રેમની આ બધી વાત બાળકો દ્વારા શીખડાવવા ચાહતો હતો. પરંતુ જે કાર્ય અમે બધા બાળકો મળીને પણ ન કરી શક્યા. કેમ તો જાદુ કરી એકલામાં.

વિશેષ વાત તો આ રહી કે જે બાપની શ્રીમત પ્રમાણે બાબા કહેતા બાળકોને ભઠ્ઠીમાં બેસાડો તો પણ કોઈ મુશ્કેલી વગર બેસે છે. લે આપણે તો 14 દિવસની અંતર્મુખતાની ભઠ્ઠી કરી દીધી. 14 દિવસ પ્યારા પ્રીતમનું મિલન ઉજવીને અનુભવ કરી દીધો. તે માટે બાપદાદા બહેનોની સાથ સાથ તમારો પણ કોરોના વાયરસને ધન્યવાદ. આ 14 દિવસમાં બાબાએ એવા એવા અનુભવ કરાવ્યા. કેટલાક ગુપ્ત રહસ્ય પણ બહુ પ્રેમથી સમજાવ્યા. પોતાના રહેમ દિલનો પૂરેપૂરો અનુભવ કરાવ્યો. પોતાના combined રૂપનો પણ અનુભવ કરાવ્યો. દરેક સમયે દરેક કામમાં સાથે રહીને બતાવતા રહ્યા. એવા મારા મીઠા પિતાની કેટલી મહિમા કરું.

જેવી રીતે 14 દિવસ પૂરા થયા. અંતમાં રિપોર્ટ નેગેટિવ આવ્યો. રૂમમાંથી બહાર આવવાની તાલાવેલી હતી. લાગતું હતું કે આ પ્રકારે દિવસ વિતાવવો બહુ મુશ્કેલ છે. ત્યારે મારો સંકલ્પ હતો કે બાબાએ મને સહજ રાજયોગની શિક્ષા દીધી છે. જીવન જ રાજયોગી બનવાનો પુરુષાર્થ કરાવી રહ્યો છે. માત્ર સંન્યાસ યોગ અથવા હઠયોગ શીખડવામાં આવે તો આ સમય પ્રમાણે અને બાળકોની અવસ્થા પ્રમાણે આ રાજયોગી જીવનનો સુખ લઈ શક્યા જે આજે લઈ રહ્યા છે.

બાબા એટલો દયાનો સાગર છે જે સમય અને બાળકોની સમતાને જોઈને શિક્ષણ આપી

**(અનુસંધાન પેજ નં. 25 પર)**

# તપસ્યા અનુભૂતિ ભઠ્ઠી

## બ્ર.કુ. પ્રો. ચંદ્રવદન ચોકસી, નડિયાદ

(સ્થળ:'જ્ઞાન મોતી' સભાગૃહ શાંતિવન)

ઓગસ્ટ માસની ૨૪ થી ૨૭ તારીખ દરમિયાન મધુબન અને ભારતના સર્વ પ્રદેશોના આમંત્રિત બી.કે. ભાઈઓની ભઠ્ઠીની ટ્રેલર થીમ - **ચલો, સંપૂર્ણતા કી ઓર.**

આ વર્ષની ભઠ્ઠી બે વર્ષ બાદ યોજવામાં આવી, લોકડાઉનને કારણે લાંબા સમય બાદ વિદેશમાં રહીને પોતાની માતૃભૂમિ-વતનમાં ગયા હોઈએ એવો અહેસાસ થયો.

પ્રથમ દિવસની સંધ્યાએ સ્વાગત, તિલક, આવશ્યક માહિતી વગેરે વિધિ બાદ **વરિષ્ઠ બંધુ બ્રિજમોહનભાઈ**એ બાબાની આપણા સૌ પ્રત્યેની આશ (અપેક્ષા) પ્રતિ સંકેત કરતાં મહત્વની ચર્ચા કરી - **'અબ હમેં દાની, મહાદાની ઔર વરદાની બનના હૈ.'**

દાનનો મહિમા અન્નદાન, અંગદાન, વસ્ત્રદાન, જીયદાન.. વગેરે તો ભારતીય સંસ્કૃતિ અને ધર્મોમાં પરંપરાથી થતો આવ્યો છે. પરંતુ સાચું દાન એ જ્ઞાન-દાન છે અર્થાત્ સંગમયુગમાં પતિત આત્માઓને પાવન-પુરૂષોત્તમ બનાવવા માટે શિવ પિતાએ આપેલ જ્ઞાનનું દાન તેમજ વિશ્વપરિવર્તન યા વિશ્વકલ્યાણ અર્થે પરમાત્માના દિવ્ય કર્તવ્ય વિશેનું જ્ઞાન. જે પ્રાપ્ત કરવાથી જન્મો-જન્મ સર્વોત્તમ ભાગ્યના અધિકારી બની શકાય. પરમાત્માને પ્રત્યક્ષ કરવાની બાબાની આશ પૂર્ણ કરી શકાય. આ છે 'દાની સ્ટેજ'. કારણ જ્ઞાનદાન એ જ મહાન દાન એટલા માટે છે કે તે દ્વારા કલહ-કલેશ, દુઃખ-દર્દ અને અશાંતિથી ત્રસ્ત દુનિયામાંથી છુટકારો અપાવી સતયુગી સ્વર્ણિમ દુનિયામાં દેવ પદની પ્રાપ્તિ કરાવી શકાય. જ્ઞાની આત્મા એ છે જેના જીવન વ્યવહારમાંથી જ્ઞાન પ્રત્યક્ષ થતું હોય.

બીજું સ્ટેજ - 'મહાદાની'નું છે. મહાદાની આત્મા એ છે જેનામાં બાબાએ આપેલ સર્વ આધ્યાત્મિક શક્તિઓ, ગુણો અને પ્રાપ્તિઓ ભરપૂર છે, જે અન્યને પણ આ દિવ્ય શક્તિ અને ગુણોનો અનુભવ કરાવી શકે છે, જેનામાં આત્માના સ્વરૂપનો સાક્ષાત્ અનુભવ કરાવવાનું સામર્થ્ય છે. જેમ દર્પણમાં દેહ સ્વરૂપનો અનુભવ કરાવવાની શક્તિ હોય છે તેમ મહાદાની સ્વયં દર્પણ છે, જે અન્ય આત્માને સંપર્ક માત્રથી સ્વરૂપનો અનુભવ કરાવી શકે છે.

ત્રીજુ સ્ટેજ છે - 'વરદાની'નું. ભક્તિ-માર્ગમાં ભગવાન દ્વારા, ઋષિ-મુનિઓ યા માતા-પિતા દ્વારા વરદાનો અપાયા હોવાના દ્રષ્ટાંતો ભરપૂર છે. 'વિજયી ભવ', 'આયુષ્માન ભવ', 'સફલ ભવ' તેમજ સુખ-શાંતિ, સંતાનની પ્રાપ્તિ માટેના વરદાનો છુટ્ટે હાથે વહેંચાયાની વાતો આપણે જાણી છે. વરદાન તો આશીર્વાદની જેમ મફત મળી જતું હતું. મેળવનારે કોઈ મહેનત કરવી પડતી નહોતી અને ગુરુજનોએ આપેલ વરદાન અનુસાર વિજય, સફળતા કે આયુષ્ય ક્યાં પ્રાપ્ત થતાં હતાં? દુર્યોધન કે અભિમન્યુ આયુષ્યમાન કે વિજયી થયો? બાપદાદા આપણને વરદાનીમૂર્ત બનવાનું કહે છે તેમાં વગર મહેનતે પ્રાપ્તિની વાત નથી. બાપદાદા જે જે વરદાનો આપે છે - ('નિરાકારી, નિરહંકારી, નિર્વિકારી ભવ', 'કલ્યાણકારી ભવ', 'વિઘ્નહર્તાભવ', 'ફરિશ્તા ભવ', 'કર્માતીત ભવ') એ વરદાનોને જીવનમાં

ધારણ કરવાની- પુરુષાર્થ કરી આત્મચિંતન કરી, આત્મસાત્ કરીને પછી અન્યને વરદાન આપવાનું અર્થાત્ અનુભૂતિ કરાવવાનું કહે છે. આ સ્ટેજ માટે પાત્રતા કે યોગ્યતા મેળવવાની જરૂર રહે છે.

**બાપદાદાની આશ શી છે?** બાપદાદાને પ્રત્યક્ષ કરીએ તે.

**કેવી રીતે પ્રત્યક્ષ કરવા? કયો પુરુષાર્થ કરવો પડે?** બાપદાદા સ્વયં મુરલીઓમાં સ્પષ્ટ લક્ષ બતાવે છે, ત્રણ શબ્દોમાં જ - 'બાપ સમાન સંપૂર્ણ ઔર સંપન્ન ભવ'. ભવનો અર્થ છે - પુરુષાર્થ કરી પ્રાપ્ત કરો. બાપ સમાન બનવાના પુરુષાર્થમાં બંને (બાપદાદા)ની વાત આવે. શિવબાબા સમાન બનવા માટે - નિરાકારી, બિંદુ સમાન બનવાનું લક્ષ્ય છે. જ્યારે બ્રહ્માબાપ સમાન બનવા માટે નિરહંકારી, નિર્વિકારી, ફરિશ્તા, ઉપરામ, કર્માતીત બનવાનો આદેશ છે.

**બાપ સમાન બનવા માટે શું કરવું?** મુરલીઓમાં જ ઉત્તર મળે છે, 'સમાન બનવું હોય તો બાબાની સમીપ રહો.' સમીપ એટલે નજદીક. બન્ને બાબા તો સૂક્ષ્મવતનમાં બિરાજમાન છે.

**એમની સમીપ એટલે નજીક શી રીતે પહોંચવું ? કોઈ સાધન ?** કોઈ સ્થૂળ સાધન નહીં, વિના સાધન. 'તું આ શરીરના ભાનને છોડીને, બોજમુક્ત બનીને, સર્વ ચિંતા-ફિકર મને અર્પણ કરી દઈને માત્ર આત્મ-સ્મૃતિના સહારે મારી સમીપ રહે. (દોડીને, ઊડીને કે લીન થઈને, ધ્યાનમાં ડૂબી જવાની વાત નથી.) દેહના સર્વ કર્મો કરતાં, સ્મૃતિનો તાર જોડી મારી સાથે મનથી જોડાયેલો રહે. મનને જ્યાં-ત્યાં ભટકવા દઈશ નહીં. એકાગ્ર, એકનામી, એકરસ બનીને, મામેકમ્ - એકમાત્ર મારામાં મન પરોવી, સર્વ સંબંધોનો રસ અનુભવ કર' - આ છે સમીપ રહી, સમાન અને સંપૂર્ણ બનવાનો સહજ માર્ગ લાગે છે?થઈ શકે? હિંમત હોય તો સ્વામી વિવેકાનંદ ના મંત્ર અનુસાર, 'ઊઠો, જાગો અને લક્ષ સિદ્ધ ન થાય ત્યાં સુધી લગે રહો, ઝઝુમ્યા કરો'. બાબા કહે છે, પુરુષાર્થ સૂક્ષ્મ છે અને વળી ગુપ્ત પણ છે.

દિલ્હીના **બી.કે. આશાદીદી**એ બાપદાદાની તીવ્ર પુરુષાર્થી બાળકો પ્રતિની આશ વિષે નિર્દેશ કરતાં કહ્યું કે, **'હમ બચ્ચે સાક્ષાતમૂર્ત ઔર સાક્ષાત્કારમૂર્ત બનેં'**. ઘોર કળિયુગનો અંત સમય સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. તેમજ પાંચ હજાર વર્ષના સૃષ્ટિચક્રની અંતિમ રીલ અતિ વેગે ફરી રહી છે ત્યારે, પીડિત અને ભક્તાત્માઓને પરમાત્માના દિવ્ય કર્તવ્યનો અહેસાસ કરાવવા સાક્ષાત્ સ્વરૂપ અર્થાત્ આત્માની દિવ્યતા-રૂહાનિયતનો અનુભવ શાંતિ, શક્તિ, પવિત્રતા અને સુખની પ્રાપ્તિ દ્વારા કરાવવાનું બાકી છે. વળી તેઓની શ્રદ્ધા જે ઈષ્ટ-દેવ પ્રતિ છે તેના સાક્ષાત્કાર કરાવવાનો પાર્ટ પણ ભજવવાનો બાકી રહ્યો છે. આ બંન્ને પ્રકારની અંતિમ સેવા કરવાનો સમય નજીક આવી રહ્યો છે. તેથી જ બાબા વારંવાર મુરલી દ્વારા કહે છે, 'બચ્ચે સમય કો સમીપ લાઓ. સમયકા (વિનાશકા) ઈંતજાર નહીં કરો, ઈંતજામ કરો.' ઈષ્ટ-દેવના સાક્ષાત્કાર તો પલ બે પલમાં થઈ જશે પરંતુ **સાક્ષાત્ સ્વરૂપ અર્થાત્ આત્મિક સંપદા- રુહાનિયતનો અનુભવ તો તીવ્ર પુરુષાર્થી આત્માઓના હર સમય, હર સંકલ્પ, દ્રષ્ટિ, વૃત્તિ, વાણી, શુભ ભાવના, કરુણા, ક્ષમા દ્વારા કરાવવાની સેવા પણ હજુ બાકી રહી છે. એ માટે કયો પુરુષાર્થ કરવો ?** અશરીરી, ફરિશ્તા, બિન્દી રૂપ બનીને.

**આ શિખર પર શી રીતે આરોહણ થાય?** બેહદની વૈરાગ્ય વૃત્તિ દ્વારા દેહ અને દેહના સંબંધોમાંથી રસ ઊઠી જાય, લૌકિક સંબંધો,

વૈભવ, ઈન્દ્રિયોના આકર્ષણોમાંથી ઉપરામ થઈએ તો જ ડબલ લાઈટ (૧. હલ્કાપન - બોજમુક્ત ૨. જ્યોતિ સ્વરૂપ આત્મા છું એવી નિરંતર સ્મૃતિ) પછી જ માઈટ-શક્તિ સ્વરૂપનો ઉદય થશે. ત્યારબાદ કમ્બાઈન્ડ સ્વરૂપ - અચલ, અડોલ, એકરસ અવસ્થા અને લવલીન સ્થિતિના લક્ષ્યો સંપન્ન થાય. આ સંપન્નતા દ્વારા સાક્ષાત્- સ્વરૂપ અને સાક્ષાત્કાર મૂર્તનો અનુભવ કરાવવાની સેવા અવશ્ય થશે. એ સમયે 'અહો પ્રભુ...'ના ગુંજન દ્વારા પ્રત્યક્ષતાનો પાર્ટ ચાલશે. એ સમયને સમીપ લાવવાની આશ પૂર્ણ કરવાની બાકી રહી છે.

ભઠ્ઠીનો બીજો દિવસ - **૨૫મી ઓગષ્ટ - બડી દાદી પ્રકાશમણિજીનો ૧૪મો સ્મૃતિ દિન - યુ.એન.ઓ. દ્વારા ઘોષિત 'યુનિવર્સલ બ્રધરહુડ યર' - વિશ્વબંધુત્વ વર્ષ.** આખો દિવસ ઉત્સવ-ઉમંગ અને દાદીજીના સંગમાં રહેલ મહારથી આત્માઓના રસપ્રદ અનુભવો સાંભળવામાં માણ્યો.

દાદી રતનમોહિનીજી,બી.કે. બ્રિજમોહન-ભાઈ, સંતોષદીદી, આશાદીદી, ડો. નિર્મલાદીદી, મુન્નીબહેન વગેરે અનેક વક્તાઓએ દાદીજીના સંસ્મરણોથી સૌને લાભાન્વિત કર્યા. જેમાંના થોડાક અંશો -

- દાદીજી, આપકો શત શત પ્રણામ, બાર બાર સલામ. આપને હમારા જીવન બદલ દિયા.
- She is Jewel of Life and Love.
- વહ હરેકકો સમાન રૂપસે સમ્માન દેતી થી, સબકા ધ્યાન રખતી થી, પાલના કરતી થી, ઉમંગ-ઉત્સાહ દેકર આગે બઢાતી થી. બાબાને ઉસકા નામ 'કુમારકા' ઈસ લિયે રખા કિ વહ કુમારોં કો પ્યાર દેકર બાબા પર નિશ્ચય બુદ્ધિ બના દેતી થી.
- હર સમસ્યા સુનતી થી, સમજતી થી ઔર તુરંત હલ કર દેતી થી.
- સભી કો એક સમાન ટોલી દેતી થી. કોઈ ભેદભાવ નહીં, ઉસસે માતૃત્વકી ભાસના આતી થી.
- ઈતના બડા યજ્ઞ. સેવા કા વિસ્તાર. ફિર ભી સદા ચિંતામુક્ત - ચમકતા હર્ષિત ચહેરા. વહ કહતી - બાબા ચલા રહા હૈ, મૈં ક્યું ટેન્શન લૂં?
- વહ અંદર-બાહર એક થી. નિર્મોહી ઔર ટ્રસ્ટી થી.
- બમ્બઈ બડે હોલમેં સભા કે બીચ કહા -'મૈંને કભી જૂઠ નહીં બોલા, કભી ક્રોધ નહીં કિયા'. સુનકર સભા દંગ રહ ગઈ. દાદી બહુત રોયલ થી. નિર્મલ, નિર્માન ઔર મધુરવાણી કા દ્રષ્ટાંત થી.
- ઓમશાંતિભવન બનતા થા તો દાદીને સબસે પહલે પત્થર ઉઠાયા. ઔર ક્યોં નહીં ઉઠાયેંગે? નકી લેક કી સફાઈ મેં સબસે પહલે વો પહુંચી થી.
- દાદીને કન્યાઓં કો બહુત પ્રેરિત કિયા, પ્યારસે, માં કી મમતા સે, રહમદિલ સે, ધારણામૂર્ત, આજ્ઞાકારી, આદર્શ બ્રહ્માકુમારી કા પાઠ શિખાયા.
- 'મેરા વિચાર' શબ્દ કભી નહીં બોલા. બિલકુલ નિરાભિમાની, નિમિત્ત, નમ્રચિત્ત થી. મધુર વાણી-વ્યવહાર સે સબકે દિલોં પર રાજ કરતી થી. વિશ્વભર કે કિતને હી વી.આઈ.પી.ઓ સે મિલી. અનેક સન્માન આદર પ્રાપ્ત કિયે. વહ અજોડ અનોખી થી. Unequal, Unparallel.
- દાદી કે સંકલ્પોં મેં બહુત તાકાત થી. સબ જગહ એક લાખ લોગોં કી સભા હો, બડે બડે પ્રોગ્રામ કરો. (સૌથી પ્રથમ ગુજરાતમાં એક

લાખની સભા થઈ હતી.)

- ન કિસી સે પ્રભાવિત હોતી થી, ન કિસી કો કરતી. બિલકુલ નિર્ભય, સીધા બોલ દેતી થી. તુમ અમૃતવેલે ઊઠતે નહીં હો, યહ ગલત હૈ.
- બડે બડે પ્રોગ્રામ, રથયાત્રા ઔર રેલિયોં કે પ્રોગ્રામ બનાયે. જિસસે ગાંવ-ગાંવ પાઠશાલાએં ખુલીં ઔર લોગોં કી ભ્રાંતિયાઁ દૂર હુઈં.

બીજે દિવસે **'જમા કા ખાતા - બેલેન્સ કૈસે હો?' - બી.કે. સંતોષ દીદી**

- આજ્ઞાકારી, વફાદાર, નિ:સ્વાર્થ, નમ્રતા, નિરહંકારીની ધારણા કરવાથી જમા થાય છે.
- શ્રેષ્ઠ કર્મો, મધુર વાણી, રોયલ મેનર્સ દ્વારા દુઆઓના ખાતામાં વૃદ્ધિ થાય છે.
- જમા થવાથી ગુણો, શક્તિઓ અને ખુશીની પ્રાપ્તિ થાય છે.
- લૌકિક-અલૌકિક પરિવારમાં ટકરાવ નહિ, સમાધાન સ્વરૂપ બનીને અન્યને આદર, માન-સન્માન આપવાથી, આગળ રાખવાથી, એડજસ્ટ થવાથી, પ્રશંસા કરવાથી, ઉત્સાહ-ઉમંગ સહયોગ આપવાથી બેલેન્સ વધે છે.
- શ્રેષ્ઠ સકારાત્મક સંકલ્પો અને દરેક શ્વાસ સ્મૃતિરૂપે સફળ કરવાથી.
- શબ્દ, સમય, શક્તિ અને સંકલ્પોની બચત કરવાથી. (સાધારણ, વ્યર્થ અને નેગેટિવ સંકલ્પોથી દૂર રહેવાથી.)
- જીવન - તન, મન, ધન પ્રભુ એ આપ્યું છે તો પ્રભુને અર્પણ કરીને.
- જ્ઞાનધન અને વરદાનોને જીવનમાં યૂઝ કરીને.
- વેટ અને વેસ્ટ (બોજ-ચિંતા અને વ્યર્થ સંકલ્પ, કર્મ) જમાનું ખાતું ખાલી કરી દે છે, તો લીકેજ બંધ કરીએ.
- મહેનત નહીં, મહોબ્બતથી યાદ કરીએ.

**સાધારણ કો સમર્થ સ્વરૂપ મેં કૈસે બદલે? - બી.કે. બ્રિજમોહનજી**

- માત્ર બેસીને જ નહીં, દિવસની સર્વ પ્રવૃતિઓ-વ્યવહાર વચ્ચે પણ હું જ્યોતિર્બિંદુ આત્મા છું અને બે (બાદશાહી) સતયુગી દુનિયામાં જનાર છું. સ્મૃતિ જ નહીં, અનુભૂતિ પણ હોય. ચિંતા-બોજમુક્ત સ્થિતિ ખુશી યા પ્રસન્નતા સહજ-નેચરલ સ્વરૂપે હોય.
- સેકન્ડમાં સાકારી, સેકન્ડમાં આકારી-નિરાકારી અવસ્થાની પ્રેક્ટિસ વારંવાર કરવાથી સ્થિતિ શક્તિશાળી બને છે.
- બાબા કહે છે - આપ કર્મેન્દ્રિયોના માલિક છો, 'હું માસ્ટર સર્વશક્તિમાન છું' એ સ્મૃતિથી કર્મેન્દ્રિયોને ઓર્ડર કરો.
- સાક્ષાત્કાર તો અલ્પ સમય માટે હોય છે. જ્યારે સાક્ષાતમૂર્ત સ્વરૂપ અર્થાત્ મસ્તકમાં મણી-લાઈટ સ્વરૂપ, નયનોમાં રૂહાનિયત, ચહેરો ચમકતો, જ્ઞાન-રત્નોયુક્ત મધુરવાણી, ઊંચી સ્થિતિ, બુદ્ધિ રૂપી પાંવ ધરતી પર નહીં. ફરિશ્તા સ્વરૂપ એ સાક્ષાતમૂર્ત દ્વારા સમર્થ સ્થિતિ બને છે.
- સર્વ લૌકિક સંબંધોના લગાવ-પ્રભાવથી મુક્ત ઉપરામ સ્થિતિમાં રહેવાના પુરુષાર્થથી શક્તિ-શાળી આત્મા બને છે.
- સર્વ કર્મેન્દ્રિયોના રસથી મુક્ત - (કર્ણરસ, જીહ્‌વારસ, નયન-રસ વગેરેના બંધનથી મુક્ત સ્વરૂપ) જ્યોતિર્બિંદુ સ્વરૂપમાં લીન થવાનો અભ્યાસ નિરંતર રહે.

- જેમ શરીરના સંબંધોનો અનુભવ કરીએ છીએ, તેમ નિરાકારી - જ્યોતિસ્વરૂપ - બિંદુ સ્થિતિનો પણ અનુભવ આવશ્યક છે. સ્વયંને, અન્યને પણ રૂહાનિયતનો અનુભવ થાય તેવો દ્રઢ પુરુષાર્થ જરૂરી છે. જેમ પ્રકૃતિનો સુખદ અનુભવ મનને પ્રસન્ન કરે છે, તેમ યોગી આત્માનો સંપર્ક-સંબંધ - શીતળ, શાંતિ અને આનંદદાયી હોય છે. તેની વાણી પ્રેરણાદાયી અને સમાધાન સ્વરૂપ હોય છે.

**સેમિનાર : ઈશ્વરીય પરિવારમેં એકતા કૈસે હો?** ઉપરોક્ત ત્રણે વક્તાઓએ ૧૫-૧૫ મિનિટ પોતાના વિચારો જણાવ્યા બાદ સભામાંથી આઠ-દસ વક્તાઓએ પણ ભાગ લીધો તેનો સારાંશ -

- સન્માન આપો અને લો. પ્રથમ આપો, પ્રથમ અપેક્ષા નહીં.
- જેવી વ્યક્તિ, પરિસ્થિતિ છે તેનો સ્વીકાર કરી અનુકૂલન-એડજસ્ટમેન્ટ કરી લો.
- દુઆએ જમા કરો. અન્યની કમી-કમજોરીનું ચિંતન ન કરો. સંકલ્પ વાણીની બચત કરો.
- સુની-સુનાઈ વાતો પર ધ્યાન ન દો.
- અન્યને આગળ રાખવામાં જ સેવાની સફળતા સમાયેલી છે. નિમિત્ત ભાવ, નિરાભિમાન તથા નમ્રતા દૂરીને દૂર કરી દે છે.
- ઉદારચિત્ત- બડા દિલ રાખીને માફ કરી દો.
- બહેનોને આગળ રાખો. (નારી સન્માન) માન-શાનનો ત્યાગ મહાન ત્યાગ છે.
- પરિવાર ઈશ્વરીય છે. માટે સર્વ પ્રતિ શુભભાવના, સકારાત્મક દ્રષ્ટિકોણ અને અપનાપનના ભાવથી એકતા થશે.
- કોમ્પીટીશન, કમ્પેરીઝન ક્રીટીસીઝમ, કરેક્શન (સ્પર્ધા, સરખામણી, નિંદા-ટીકા અને કમી-કમજોરી જોવા) થી દૂર રહીએ.
- સ્વયંમાં સચ્ચાઈ - સફાઈ. ઈમાનદારી અને વફાદારી હોય.
- સર્વ રીતે બેલેન્સ હોય. ન્યારા અને નિષ્પક્ષ.

ત્રીજો દિવસ - **મનસા સેવા - બી.કે. આશા દીદી તથા બી.કે. બ્રિજમોહનજી**

સેવાનું અંતિમ સૂક્ષ્મ રૂપ છે - મનસા સેવા. જેની ગતિ પણ અતિસૂક્ષ્મ, અદ્રશ્ય છે. વિશ્વના સર્વ આત્માઓ શેની ઝંખના રાખે છે?- શાંતિની. સૌ કોઈને શાંતિ અને પ્રેમની આવશ્યકતા છે. નિર્ભયતા જોઈએ છે. સમગ્ર સંસારમાં ભયનું વાતાવરણ છે. સૌની આશ સુરક્ષાની છે. દરેક ઈચ્છાઓની જંજાળમાં ફસાયેલા છે, તેઓ મુક્તિની ઝંખના સેવે છે. બાબાનું જ્ઞાન બંધનમાંથી મુક્તિ અપાવનારું છે. બાબા કહે છે - 'તુમ અવિનાશી આત્મા હો.' શરીર તો બદલતે રહતે હૈ, તો હમ મૃત્યુ સે નિર્ભય બને.

**મનસા સેવામાં વૃદ્ધિ શી રીતે થાય? તેમજ હલ્કા, લાઈટ, ચિંતામુક્ત શી રીતે થવાય?**

સર્વ ચિંતા-બોજ બાબા ને સોંપી દો. સબ કુછ તેરે હવાલે કહી નિ:સંકલ્પ - લાઈટ બની જાઓ. પછી સ્વયંના મૂળ સ્વરૂપ જ્યોતિર્મય ચમકતી બિંદી આત્મામાં એક ચિત્ત બની જાઓ. વ્યર્થમાંથી ઉપર ઊઠો. નિરંતર સ્વ પર અટેન્શન રાખો. બાપદાદા સાથે કમ્બાઈન્ડ - સાથી અને સારથી સ્વરૂપે રહી, તેમના ગુણો તથા દિવ્ય શક્તિઓને સ્મૃતિમાં ઈમર્જ કરો. સ્વયંનું ફરિશ્તા સ્વરૂપ - લાઈટના કાર્બમાં ઝળહળતું પ્રત્યક્ષ (વિજ્યુલાઈઝ) જુઓ. દેહ અને દેહની દુનિયામાંથી લંગર ઊઠાવી સૂક્ષ્મલોકમાં વિહાર કરો. ઈચ્છા માત્રમ્ અવિદ્યાની સ્થિતિમાં સ્થિત રહો, તો એક સ્થાન પર રહીને ચારે તરફની સેવા કરી શકો છો. વાયબ્રેશન દ્વારા

શુભભાવના અને શ્રેષ્ઠ સંકલ્પો દ્વારા - જેને શક્તિ, સહાય આપવાની હોય એ વ્યક્તિને પહેલા ઈમર્જ કરો, એમ મમ્મા કહેતાં. એ આત્મા પ્રતિ સહાનુભૂતિ, રહમની ભાવના હોય. પછી બાબાને ઈમર્જ કરી સંકલ્પની ભાષામાં વાત કરો. કહો કે, 'બાબા મુજ આત્માને ભરપૂર કરો, આપની દિવ્ય શક્તિઓ દ્વારા સંપન્ન કરો અને મને યુઝ કરો. સ્વયંનું મન શાંત, શુભ ભાવનાઓથી ભરેલું, ક્લીન અને ક્લિયર હોય તો પ્રકંપનો જરૂર પહોંચશે. મનમાંથી નીકળેલા વાયબ્રેશન એ આત્માને ટચ કરશે. અંતર્મુખતાની શક્તિ દ્વારા કાચબાની જેમ ઈન્દ્રિયોને સમેટવાની વિધિ આવશ્યક છે. એકાગ્રતા અર્થાત્ એક જ સંકલ્પમાં સ્થિત રહેવું એ કોઈ કમ વાત નથી. આનો વારંવાર અભ્યાસ આવશ્યક છે.

**ડો. પ્રતાપ -** બ્રાહ્મણ જીવનની ખુશ્બૂ- ફલેવર હર સમય, હાલતાં-ચાલતાં પ્રદર્શિત થાય. આપણા વ્યવહારથી સેવા થાય. નિરંતર અટેન્શન રહે. સંકલ્પો પર કંટ્રોલ રહે. થોડી પણ અશુદ્ધિ વ્યર્થ મન-વચન-કર્મમાં પ્રવેશે નહીં તેનું સતત ધ્યાન રહે. તો મનમાં સેવામાં સફળતા પ્રાપ્ત થાય.

**બી.કે. રામનાથ -** સંકલ્પ, વાણી, કર્મ શ્રેષ્ઠ હોય. દેવતાઓમાં દેહભાન (મીટ્ટી સાથે ખેલ) નથી હોતું, એનો રિયાઝ-અભ્યાસ સતત થતો રહે. લક્ષ પાકું હોય. મન શુદ્ધ, વ્યવહાર સતોપ્રધાન હોય. મનસા સેવાની પાત્રતા - એકાગ્રતા - એકનામીમાં રહેલી છે.

અમૃતવેલાનું વાતાવરણ અહીં શક્તિશાળી હોવાનો અનુભવ રહ્યો. બડી દાદી પ્રકાશમણિજી અને દાદી જાનકીજીના સ્મૃતિ સ્વરૂપ - 'પ્રકાશસ્તંભ' અને 'શક્તિસ્તંભ'ના સ્થાને, અમૃતવેલાના યોગમાં આત્માની બેટરી ચાર્જ થતી હોય, એવો રોમાંચ આનંદ અનુભવ્યો. અનેક આત્માઓ આ બંન્ને સ્થાનોમાં ધ્યાનસ્થ અવસ્થામાં જોવામાં આવી. ગુલઝાર દાદીનો સ્મૃતિસ્તંભ - 'અવ્યક્ત લોક' બની રહ્યો છે. છેલ્લા દિવસે વહેલી સવારે અમારા ગ્રુપે પાંડવભવનની પુણ્યભૂમિ, અવતરણ ભૂમિની મુલાકાત લીધી, જાણે વર્તમાન ભૂલીને બચપણમાં પહોંચ્યા! ત્યાંના ચારે દિવ્ય તીર્થો - બાબાનો કમરો, ઝોંપડી, શાંતિસ્તંભ તથા હિસ્ટ્રીહોલના પાવરફુલ વાયબ્રેશનનો સુખદ અનુભવ કર્યો. વિંધ્ય પર્વતમાળા વચ્ચેના જ્ઞાન સરોવરની મુલાકાત, મ્યુઝિયમ, વિશાળ સભાગૃહ હાર્મની હોલ, યોગ રૂમ વગેરેથી ખૂબજ શાંતિ, ખુશી અને શક્તિ અનુભવી. અગાઉ આ પરિસરોમાં વીતાયેલા દિવસોની મહેક રોમાંચિત કરી ગઈ.

॥ ઓમશાંતિ ॥

**(પેજ નં. 19નું અનુસંધાન)... એક પરિચય**

રહ્યા છે. અંતમાં 27 ઓગસ્ટના રોજ આના સ્વદેશ ભારતભૂમિ, બાબાની જન્મભૂમિ, પોતાની કર્મભૂમિ અને બાપદાદાની રૂહાની હોસ્પિટલની નજીક આવીને તો ખુશીથી નાચી ઉઠી. આખો પરિવાર અન્ય સાથે પણ મળવાનું થયું. પ્યારા પિતા ક્યા શબ્દોમાં તમારું ધન્યવાદ કરું, દિવસ-રાતની આ સેવા રોજ યાદ કરું. મીઠા પિતાએ આ પરીક્ષાની ઘડીમાં સાથ આપ્યો.

જીવન તો ઘણું નાનું છે. પરંતુ દરેક સમયે હાથ અને સાથ મળશે આ વિચારી ને જ મન હરખાય છે દિલ નાચી નાચીને ગાય, મન લહર - લહર લહેરાઈ દિલ નાચી નાચીને ગાય, સુખો નો છે સાગર બાબા.

॥ ઓમશાંતિ ॥

# ગહન તપસ્યા માટે લવલીન સ્થિતિ

બ્ર.કુ. આત્મપ્રકાશ, માઉન્ટ આબુ

જીવનના કમળને પ્રફુલ્લિત રાખવા માટે પ્રેમપૂર્ણ વ્યવહારનું આદાન-પ્રદાન અતિ આવશ્યક છે. પ્રેમ જ્યોતિ છે, જેના આધારથી જગત પ્રકાશમય છે, તેના અભાવે જગત અંધકારમય બનશે. મનુષ્યને પ્રેમ કરવો જોઈએ. પરંતુ વાસ્તવિક પ્રેમ એ કરી શકે છે જેનામાં કોઈપણ પ્રકારની બુરાઈ યા ખામી ન હોય. જો આપે પ્રેમ કર્યો છે અને આપનો પ્રેમ સફળ રહ્યો છે, તો આપનું જીવન ધન્ય છે. પરંતુ આપનો પ્રેમ અસફળ રહે છે, તો અવશ્ય આપના જીવનમાં કટુતાનો અનુભવ થયો હશે. વાસ્તવમાં હૃદયની પવિત્રતા અને માનવીય પ્રેમ જીવી સદ્‌ભાવનાઓ મનુષ્યની કક્ષાને ઊંચે લઈ જાય છે.

### પરમાત્મા છે પ્રેમના સોદાગર

પરમપિતા શિવ, પાંચ હજાર વર્ષો પછી આ ધરા પર આવે છે અને આત્માઓના કલ્યાણ માટે એમની સાથે પ્રેમનો સોદો કરે છે. જેટલો જે આત્મા સાચા દિલથી પોતાના પ્રેમનો સોદો પરમાત્મા સાથે કરે છે એટલો જ તે પરમાત્મ પ્રેમ અનુભવે છે. દ્વાપરયુગથી આત્માઓની સાથે આપણે પ્રેમનો સોદો કરતા આવ્યા, પરંતુ દુઃખી થઈને ઊતરતી કક્ષાએ જ આવતા રહ્યા છીએ. દિલ એવું કહે છે કે દૂરદેશ (પરમધામ)થી આવેલા પરમાત્માને પ્રેમની ભેટ આપીને શા માટે આપણું ભવિષ્ય ઉજ્જવળ ન બનાવીએ?

### પરમાત્મપ્રેમ માત્ર એકવાર મળે છે

ભક્તિમાર્ગમાં આપણે ગાતા હતા કે 'તૂ પ્યાર કા સાગર હૈ, તેરી એક બુંદ કે પ્યાસે હમ...' એ સમયે આપણને આત્માઓનો પ્રેમ મળવા છતાં પણ પરમાત્મપ્રેમની તૃષા હતી. કારણ કે સમગ્ર કલ્પમાં માત્ર સંગમયુગમાં જ આ અનોખો, દિવ્ય પ્રેમ મળે છે. સંગમયુગમાં પરમાત્માના સંગમાં રહીને થોડી પળો માટે પણ જે એના પ્રેમનો અનુભવ કરે છે તો એના આધારે એને ફરીથી મેળવવાની ઈચ્છા જન્મે છે. તો જો એક ટીપાને બદલે જ્યારે આપણને પ્રેમનો સાગર જ મળી જાય છે, તો શા માટે આપણે સ્વયંને પરમાત્મપ્રેમથી ભરપૂર ન કરીએ? ઘણો સમય વીતી ગયો છે, હવે થોડો સમય બાકી રહ્યો છે. સંગમયુગનાં થોડાં જ વર્ષો બાકી રહ્યાં છે. જો આપણે આ તક ગુમાવીને પરમાત્મપ્રેમથી વંચિત રહીશું, તો અંતમાં પશ્ચાતાપના અગ્નિમાં સળગતા શેકાતા જ રહીશું.

### એક પરમાત્માનો પ્રેમ જ વિશ્વસનીય છે

આત્માઓનો પ્રેમ વિશ્વસનીય નથી કારણ કે માયાના પ્રભાવથી આત્માઓના મનમાં વિકાર રૂપી વિષ વાસ કરે છે. એટલે તેઓ ક્યારેય પણ દગો કરી શકે છે. કહેવત છે કે ભગવાનનો અંત મેળવી શકો છો, પણ મનુષ્યાત્માઓનો નહીં. પ્રેમનો સોદો કરવા માટે વિશ્વાસ અતિ આવશ્યક છે. નહીંતર આપણે છેતરાઈ જઈશું. યાદ રાખો. આત્માઓની પ્રેમજાળમાં કરોળિયાની જેમ ફસાઈને સ્વયંને જેલમાં નાખવા તે મૂર્ખતા છે.

### એક પરમાત્માનો પ્રેમ જ નિઃસ્વાર્થ પ્રેમ છે

સંસાર સ્વાર્થનો સાગર છે. સ્વાર્થની પરસ્પર સૂત્રબદ્ધતાથી જ સંસાર ગતિમાન છે. સ્વાર્થની દોરીથી લોકો એકબીજા સાથે બંધાયેલા છે. જ્યારે સ્વાર્થની દોરી જ કપાઈ જાય છે તો એકબીજા માટે પરાયાં બની જાય છે. જેમ પિતા પોતાનાં સંતાનની

બાલ્યાવસ્થામાં ઘણી સારી પાલના કરે છે. કારણ કે તે વિચારે છે કે જ્યારે હું ઘરડો થઈ જઈશ, તો આ પુત્ર મારો સહારો બનશે. બાળક પણ ઘડપણમાં પિતાની દિલથી સેવા કરે છે કારણ કે તે વિચારે છે કે બાપ પાસેથી મને વારસો મળશે. તો મનુષ્યના મનના કોઈને કોઈ ખૂણામાં સ્વાર્થ છુપાયેલો જ છે. માત્ર એક પરમાત્મા જ કોઈપણ સ્વાર્થ વિના બાળકોની સેવા કરે છે અને એમને લાયક બનાવીને, નવી દુનિયાનો રાજભાગ આપે છે. એટલે આવા નિ:સ્વાર્સ્થ પ્રેમ કરનારાથી જ પ્રેમનો સોદો કરવો તેમાં સમજદારી છે.

## પરમાત્મા સર્વરસોના ભંડાર છે

વિભિન્ન પ્રકારના રસોની પ્રાપ્તિ માટે આપણે બુદ્ધિને વિભિન્ન સ્થાનો પર ભટકાવતા રહ્યા, વિભિન્ન ઉપાયો કરતા રહ્યા. માયા આપણને ફૂટબોલની જેમ કીક મારીને હેરાન કરતી રહી. હવે ઠાકુર બનીને બુદ્ધિને એક ઠેકાણું આપીએ અને સર્વ પ્રકારના રસ એક પરમાત્મા પાસેથી જ પ્રાપ્ત કરીને એકરસ સ્થિતિનો આનંદ લઈએ. જેનાથી સમય અને શક્તિરૂપી ખજાનાઓની બચત પણ થશે.

## પરમાત્મ પ્રેમ આપણને પવિત્ર બનાવે છે

વર્તમાન સમયે મનુષ્યાત્માઓ પતિત બની ચૂક્યા છે અને એમનું શરીર પણ પતિત તત્ત્વોથી બનેલું છે. સૌ ઉપર અપવિત્રતાના કાળા ડાઘ છે. એમનાં સંગમાં આવવાથી આત્મા વધારે પતિત બની શકે છે. જ્યારે પરમાત્માની પ્રેમમયી તથા સ્નેહમયી દૃષ્ટિથી આત્માઓ પર પવિત્રતાના કિરણોની વર્ષા થાય છે, તો આત્મા સર્વોત્તમ રુહાની ચુંબક તરફ આકર્ષિત થાય છે. એમના સાનિધ્યથી આત્મા પવિત્ર બને છે. પરમાત્મા પારસનાથના સંપર્કથી આત્મા સાચું સોનું અર્થાત્ પવિત્ર બને છે. એની સર્વશ્રેષ્ઠ પાલના મેળવવાનું સૌભાગ્ય આત્માઓને પૂર્વ જન્મોના સારા કર્મોની મૂડીના આધારે જ મળે છે.

## પરમાત્મ પ્રેમ આપણને દુનિયાથી પાર લઈ જાય છે

કેટલીય વાર મુરલીમાં શિવબાબા કહે છે પહેલાં પરમધામરૂપી ઘરને યાદ કરો પછી એ ઘરમાં મને યાદ કરો. પરમાત્મા એવા હોલીએસ્ટ હાઈએસ્ટ પીસ પેલેસમાં નિવાસ કરે છે, જ્યાં પરમાત્મ મિલનનો પૂર્ણાનંદ પ્રાપ્ત થાય છે.

કેટલાયે યોગી બ્રહ્મમાં લીન થવા માટે કઠોર સાધના કરે છે. આત્મા બ્રહ્મલોક નિવાસી બની શકે છે. પણ બ્રહ્મમાં લીન બની શકતો નથી. તે બંને અલગ વાત છે. યોગીઓની આંખો અડધી ખુલેલી બતાવવામાં આવે છે. કારણ કે તે આ જૂની દુનિયાને જોવા છતાં નથી જોતા અને ક્યાંય દૂર પોતાની અલૌકિક દુનિયામાં ખોવાયેલા રહે છે. એ રીતે પરમાત્માને પ્રેમ કરનારાઓનો બુદ્ધિરૂપી તાર એમની પાસે પહોંચે છે. વાસ્તવમાં પ્રેમ અંતરને સમાપ્ત કરી દે છે.

## લવલીન સ્થિતિ માટે - પારસ્પરિક પ્રેમ આવશ્યક

લવલીન સ્થિતિ માટે જે પ્રેમ કરે છે અને જેની સાથે પ્રેમ કરે છે તે બંનેનો પરસ્પર પ્રેમ હોવો જરૂરી છે. બંનેમાંથી જો કોઈ એકનો પણ પ્રેમ ઓછો હોય, તો લવલીન સ્થિતિની અનુભૂતિ થઈ શકતી નથી. જેમ કે બાળકને પોતાની માતા એટલો પ્રેમ નથી કરતી, તો બાળક માતાની ગોદને એટલી સુખદાયી અનુભવી શકતું નથી. એ રીતે જો આપણે પરમાત્માને પ્રેમ કરીએ છીએ, પરંતુ એમનો આપણા પ્રત્યે એટલો પ્રેમ હોવો જરૂરી છે. તેથી પ્રભુપ્રેમ મેળવવાના પાત્ર બનીએ.

પ્રેમ મેળવવા માટે પ્રેમને યોગ્ય બનવું પડે છે. જન્મ જન્માંતર આપણે આત્માઓના પ્રેમને પાત્ર બન્યા પણ સંગમયુગમાં પ્રભુપ્રેમને પાત્ર બનવાનો પુરુષાર્થ કરીએ. પ્રભુ પ્રેમને પાત્ર બનવા માટે કેટલીક શ્રેષ્ઠ ધારણાઓની આવશ્યકતા છે. પ્રભુપ્રેમને પાત્ર તેઓ બને છે, જેઓ આજ્ઞાકારી, વફાદાર હોય અને પરમાત્માના ફરમાન ઉપર ચાલતા હોય, જેઓ દિલથી સદા સેવામાં તત્પર રહે છે, જેઓ વિકારોને પ્રેમ નથી કરતા, જેઓ સચ્ચાઇ, સફાઈવાળા હોય છે, જેઓ સદા શ્રીમત પર ચાલે છે, જેઓ ભોળાં બાળકો હોય છે, જેઓ ઈશ્વરીય જ્ઞાનનું સ્વરૂપ બનીને પ્રત્યક્ષ પ્રમાણ આપે છે, જેઓ પવિત્રતાને અપનાવે છે. આવા આત્માઓ ઉપર જ પ્રભુપ્રેમ વરસે છે. આ રીતે પોતાને પ્રેમને યોગ્ય બનાવો, પછી જુઓ આપને પ્રેમ જ પ્રેમ મળશે.

## લગન હોય તો મીરા જેવી

લવલીન સ્થિતિ માટે મીરા જેવી અતૂટ લગન હોવી જોઈએ. મીરાને થોડી પળો માટે મનમોહક શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર થયો, તો તે કૃષ્ણ પાછળ પાગલ બની ગઈ. લોકલાજ ભૂલીને સાધ્વી બની ગઈ. ‘જ્યાં જોઉં ત્યાં કનૈયા તું જ છે’ એવું ગાવા લાગી. એની અતૂટ લગન હતી કે કોઈપણ શક્તિ તેને તોડી ન શકી. મીરાંને તો માત્ર થોડી પળો માટે શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર થયો, આપણને તો સાક્ષાત્ ભગવાન મળી ગયા. સાથે સાથે સર્વ ખજાનાઓ એમણે લૂંટાવી દીધા. તો મીરા કરતાંયે કેટલીયે ગણી વધારે આપણી લગન હોવી જોઈએ. પરમાત્મા પ્રત્યે આવી લગનવાળા તો પરમાત્મા પ્રેમમાં ખોવાયેલ રહેશે. પરમાત્મા ઉપર એકદમ ફિદા થઈ જશે. દુનિયાની કોઈપણ શક્તિ એને પરમાત્માથી અલગ નહીં કરી શકે.

## હે પ્રભુપ્રેમીઓ, આવો, પ્રભુપ્રેમમાં લીન થઈ જઈએ

એકાંતમાં અંતર્મુખતાની ગુફામાં બેસીને સ્વયંના વાસ્તવિક અસ્તિત્વમાં અર્થાત્ આત્મિક સ્થિતિમાં ખોવાઈ જાઓ. શાંતિ અને સુખની અનુભૂતિ કરતા રહો. હું આત્મા ઉમંગ ઉત્સાહની પાંખો દ્વારા મારા પ્રિય વતનની તરફ ઉડી રહ્યો છું. જઈ રહ્યો છું આ વતનથી દૂર. ઓહો ! કેટલું સુંદર છે આ મીઠું મૂળવતન. જ્યાં ચારેબાજુ શાંતિ જ શાંતિ, પરમ શાંતિ છે. સોનેરી લાલ લાલ પ્રકાશ છે ઓહો ! મારી સમક્ષ મારા સલોના સાજન ! સત્યમ્, શિવમ્, સુંદરમ્ છે. મારાં બુદ્ધિરૂપીનેત્રો ઈશ્વરીય નશામાં મગ્ન છે. આ નેત્રથી હું તેમની સુંદરમની છબી નિહાળી રહ્યો છું. આપના જેવા સુંદર ત્રણે લોકોમાં કોઈ નથી. તું સૂરજ છે, તો હું પિયા સૂરજમુખી છું. તને ના જોઉં તો મારું હૃદય ખીલતું નથી. મેં સ્વપ્ને પણ વિચાર્યું નહોતું કે આપ મુજ સજનીને અપનાવી લેશો. હું ધન્ય થઈ ગઈ છું. હે સ્વામી ! મારા રોમરોમમાં વસી જાઓ અંતર્યામી. મને આપ મળી ગયા. આપ જ મારો સંસાર છો. હું સલોના સાજનની સમીપ જઈ રહી છું. એમની લાઈટ અને માઈટરૂપી બાહોમાં સમાઈ ગઈ છું. પ્રેમના સાગરના તળિયે ખોવાઈ ગઈ છું. મને ખબર નથી હું ક્યાં છું. હું મારું ભાન ભૂલી ગઈ છું. ઓહો ! કેટલી સુંદર છે આ પરમાનંદ અને પરમસુખની અદ્ભુત અનુભૂતિ. હું મારા સાજનથી એકદમ એકરૂપ છું. એમનામાં લીન થઈ ચૂકી છું. કેટલી દિવ્ય અને સુખમય છે આ લવલીન સ્થિતિ. બસ એવું લાગે છે કે આ ગહન અનુભૂતિમાં ખોવાયેલી રહું....

## લવલીન આત્માનો સંસાર પરમાત્મા છે

લવલીન આત્માના મનમાં વૈરાગ્યનો સાગર

લહેરાય છે. જેનાથી એને આ સંસાર અસાર લાગે છે. એની બુદ્ધિ વૈભવરૂપી કીચડમાં રહેવા છતાં પણ કમલની જેમ ન્યારી અને પરમાત્માથી પ્યારી રહે છે. વ્યક્તિ અને વૈભવથી મળનારી પ્રાપ્તિઓની પ્રાપ્તિ એક પરમાત્મા પાસેથી મળે છે. જેનાથી એક પરમાત્મા જ એનો સંસાર બની જાય છે. લવલીન આત્મા સ્વચ્છ બને છે.

જેમ આત્મા લવલીન સ્થિતિમાં ખોવાઈ જાય છે તો પવિત્રતાના સાગર પરમાત્માના ઘનિષ્ટ સંબંધમાં આવવાથી એનો અવગુણોરૂપી કચરો સાફ થાય છે અથવા જેમ લોખંડને અગ્નિમાં તપાવવાથી પોતાનો કાટ છોડીને ચમકદાર અને દેદિપ્યમાન બને છે, એ રીતે આત્મા પૂર્ણ રીતે જ્ઞાનસૂર્ય પરમાત્માથી એકરૂપ બને છે. તો અનેક જન્મોની અપવિત્રતાનો કાટ નીકળીને આત્મા ચમકીલો અથવા સ્વચ્છ બની જાય છે.

## લવલીન આત્માને અથાહ ખજાનો મળે છે

લવલીન આત્મા પોતાનો પ્રેમ પરમાત્માને સમર્પિત કરે છે, એમનું દિલ જીતી લે છે. જે સંગમ પર એકવાર પરમાત્માનું દિલ જીતી લે છે તો એને સદા મદદ કરવા પરમાત્મા બંધાયેલા રહે છે. આવા આત્માઓ પર તે પોતાનો સર્વ ખજાનો લૂંટાવીને એને સંપન્ન બનાવે છે. આવા લવલીન આત્માઓ જ સંપૂર્ણ વારસાના અધિકારી હોય છે. વાસ્તવમાં પરમાત્મામાં ખોવાઈ જવું એ જ ખજાનાઓ મેળવવાનું છે. જ્યારે આત્મા પ્રેમના સાગરની ગહનતામાં ખોવાઈ જાય છે તો અથાહ ખજાનાઓનો ભંડાર પ્રાપ્ત થાય છે.

## લવલીન આત્મા પરમાત્માના નયનોના નૂર બને છે

સંસારમાં સૌથી શ્રેષ્ઠ ભાગ્ય છે ભગવાનના નયનોનું નૂર બનવું. એનાથી વધીને બીજું કોઈ ભાગ્ય નથી. આવું ભાગ્ય વિરલાઓને જ પ્રાપ્ત થાય છે. કારણ કે આવા આત્માઓ બુદ્ધિરૂપી દિવ્યનેત્રમાં પરમાત્માને વસાવે છે. અર્થાત્ પોતાના નયનોનું નૂર બનાવે છે અને જગતનું પણ નૂર બને છે. આ છે અતૂટ પ્રેમની નિશાની. જેમ લયલા માટે મજનૂ પાગલ બની ગયો તે ત્યાં સુધી કે જ્યારે મજનૂને અલ્લાહની પાસે હાજર કરવામાં આવ્યો તો એની નજરોમાં અલ્લાહ પણ લયલા તરીકે દેખાવા લાગ્યા કારણ કે એના નયનોનું નૂર લયલા બની ચૂકી હતી.

## લવલીન આત્મા જ શક્તિશાળી બને છે

જ્યારે લવલીન આત્મા પ્રેમના સાગરમાં ખોવાઈ જાય છે તો પરમાનંદની અનુભૂતિ કરે છે. પછીથી ધીરે ધીરે લવફુલ (પ્રેમસભર) સ્થિતિ શક્તિશાળી સ્થિતિમાં પરિવર્તિત થાય છે. કારણ કે પરમાત્મા શક્તિઓના સાગર પણ છે. જેટલો એમની સાથે પ્રેમપૂર્ણ સંબંધ હોય છે એટલી જ વધારે શક્તિઓ પ્રાપ્ત થાય છે. યોગાભ્યાસમાં લવફુલ સ્થિતિ અને શક્તિશાળી સ્થિતિનું એટલે સમતુલન રાખવા પર વિશેષ ધ્યાન આપીએ.

## લવલીન આત્મા જ નિર્વિઘ્ન રહે છે

જ્યારે આત્મા લવલીન સ્થિતિમાં હોય છે તો સ્વયંના માયાવી સંસ્કાર પણ દૂર થઈ જાય છે. તે વિઘ્નરૂપ બનતા નથી અને અન્ય કોઈપણ પ્રકારના વિઘ્નો ઉપર જીત મેળવવાની ક્ષમતા પણ એમાં હોય છે. કારણ કે તે સર્વશક્તિમાન પરમાત્માની શક્તિઓના પ્રભાવમાં હોય છે. વાસ્તવમાં નાવની પરીક્ષા પણ પ્રહારથી થાય છે. જો કોઈ વિઘ્ન લવલીન આત્મા ઉપર પ્રહાર કરે છે તો તે વિજયીપણાની સ્થિતિનો અનુભવ કરે છે. એટલે સદા નિર્વિઘ્ન અભ્યાસને વધારતા જાઓ.

(અનુસંધાન પેજ નં. 17 પર)

# વર્ષ ૨૦૨૨ માટે વિશેષ સૂચના

બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્રોના સૌ નિમિત સંચાલિકા બહેનો, સાથી બહેનો, ઈશ્વરીય પરિવારના બ્ર. કુ. ભાઈઓ-બહેનો તથા સૌ સ્નેહી વાંચકમિત્રો, આપ કુશળ મંગળ હશો તેવી શુભકામના રાખું છું.

જાન્યુઆરી-૨૦૨૨થી ગુજરાતી જ્ઞાનામૃતનું નવું વર્ષ શરૂ થનાર છે. આપ સૌને નમ્ર નિવેદન છે કે, નવા વર્ષ-૨૦૨૨ માટે આપના સેવાકેન્દ્રોની જ્ઞાનામૃત મેગેઝીનની કુલ સંખ્યા જેમ બને તેમ ઝડપથી ૩૦, નવેમ્બર-૨૦૨૧ સુધીમાં સુખશાંતિ ભવન, બ્ર.કુ. નંદિની બેનને જ્ઞાનામૃતના Email : gyanamrit.guj@gmail.com દ્વારા અથવા વ્હોટસએપ નંબર +૯૧ ૯૪૨૬૭૦૮૪૪૮ પર લેખિતમાં જાણ કરવા નમ્ર વિનંતી છે. જ્ઞાનામૃતનું લવાજમ યથાવત રાખેલ છે. જાન્યુઆરી-૨૦૨૨નો અંક ડિસેમ્બર-૨૦૨૧માં એડવાન્સમાં તૈયાર થઈ પ્રેસમાં છપાવવા આપવાનો હોવાથી, આપ સૌના વહેલા સાથ-સહયોગથી જ્ઞાનામૃતની સંખ્યા અમને એડવાન્સમાં મળી જાય તો પ્રિન્ટીંગમાં વધુ સગવડતા રહે.

વિશેષ આપ સૌ નિમિત બહેનોને નમ્ર અનુરોધ છે કે, આપ ક્લાસના સૌ ભાઈ-બહેનોમાં, દરેક પરિવારમાં, એક-એક ઘરે બાબાનું જ્ઞાનામૃત અવશ્ય જાય તે હેતુથી, બાબાની બેહદની સેવા માટે દરેકમાં ખૂબ ઉમંગ-ઉત્સાહ ભરી જુના મેમ્બર તથાવત રાખી બીજા નવા મેમ્બરો જરૂર બનાવશો. ગીતા પાઠશાળાઓમાં પણ અવશ્ય ખાસ જઈને જ્ઞાનામૃતના સભ્યો બને તે સેવા જરૂર કરશો તેવી આશા છે. દરેક બાબાના બાળકો પોતે સભ્ય બની મેગેઝીન વાંચી પછી આગળ તે મેગેઝીન બીજાને વાંચવા આપીને જ્ઞાનદાન કરવાની પ્રેરણા આપશો. તમે મેમ્બર બની ૧ વર્ષમાં ૧૨ અંક દ્વારા જુદા-જુદા ૧૨ પરિવારો, પાડોશી, સ્નેહીજનોની સેવા અવશ્ય કરશો. નોન-બીકે ભાઈ-બહેનો, મિત્રો-વેપારીઓ, ઓફિસના અધિકારીયો, સમાજસેવી સંસ્થાઓ, મહિલા મંડળ, શાળા-કોલેજ, લાઈબ્રેરીવાળાને પણ જરૂરથી મેમ્બર બનાવવાનું લક્ષ્ય ભાઈ-બહેનોને આપશો. સૌ વાંચકમિત્રોને પણ નમ્ર અનુરોધ છે કે આપ પણ ઓછામાં ઓછા ૨ નવા મેમ્બર જરૂર બનાવશો.

જ્ઞાનામૃતનું સંપાદન, પ્રિન્ટીંગનું કામ ખૂબજ નિયમિત ચાલે છે, મેગેઝીન પહોચાડવા માટે ટ્રાન્સપોર્ટ અને ટપાલ ખાતાની નિયમિત સેવા પણ મળતી રહી છે, જેથી આપને રેગ્યુલર જ્ઞાનામૃત મોકલી રહ્યાં છીએ. આશા રાખું છું કે, આપને સમયસર વ્યવસ્થિત રીતે અંકો મળી જતાં હશે. જ્ઞાનામૃત બાબતે આપને કોઈ તકલીફ પડતી હોય તો આપ નિ:સંકોચ સંપર્ક કરી શકો છો. આપની અનુકુળતા પ્રમાણે સેવાકેન્દ્ર પર અથવા દરેક સભ્યોને ડાયરેક્ટ તેમના ઘરે પોસ્ટ દ્વારા પણ ખૂબજ સરળતાથી મોકલી શકાય તેવી સુંદર વ્યવસ્થા પણ છે. સૌ કોઈ અન્ય આત્માઓની સેવા કરી શકે તે હેતુથી હવે જ્ઞાનામૃત ઈમેલ તથા વ્હોટસએપ દ્વારા પણ મોકલી રહ્યાં છીએ. હવે જ્ઞાનામૃત ઈ-કોપી બીકે મેગેઝીનની વેબસાઈટ તથા જીઓ એપ્લીકેશન પર પણ ઉપલબ્ધ છે.

સમગ્ર વર્ષ દરમિયાન આપ સૌનો દરેક કાર્યમાં ખૂબ-ખૂબ સાથ, સહકાર અને સપોર્ટ મળેલ છે. તેના દ્વારા આજ સુધી બાબાની આ સેવાઓ અવિરત ચાલી રહી છે અને હવે આગળ પણ આપણે સૌ સાથે મળીને વધારીએ, તે બદલ જ્ઞાનામૃત ટીમ આપ સૌનો અંતકરણ પૂર્વક હૃદયથી ખૂબ-ખૂબ આભાર માને છે.

તો સમયસર આપની નવા વર્ષની સંખ્યા અમને મળી જશે તેવી શુભ આશા અને વિશ્વાસ છે. આભાર સહ. **॥ ઓમશાંતિ ॥**

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં સપ્ટેમ્બર-૨૦૨૧ માસની શબ્દાવલી ભાગ-૧૧ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ-૧૨ અહીં પ્રસ્તુત છે. જેની આડી-ઉભી ચાવીઓ ભરશો. તમને આવતાં ડિસેમ્બર-૨૦૨૧ના અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ-૧૨ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ - ૧૨

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | 3 | 4 | ■ | 5 | 6 | | 7 |
| 8 | | ■ | 9 | | ■ | 10 | | ■ | |
| 11 | | 12 | ■ | | ■ | 13 | | ■ | |
| ■ | 14 | | | ■ | ■ | | ■ | 15 | ■ |
| 16 | | ■ | ■ | ■ | 17 | ■ | 18 | | 19 |
| | ■ | 20 | 21 | | | 22 | ■ | 23 | |
| 24 | 25 | ■ | | ■ | 26 | | ■ | 27 | |
| 28 | | ■ | 29 | 30 | ■ | ■ | 31 | | |
| | ■ | 32 | ■ | 33 | 34 | | | | ■ |
| 35 | | | ■ | 36 | | ■ | | ■ | ■ |

## શબ્દાવલી ભાગ-૧૧ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 સુ | 2 દ | | | 3 ત્રી | 4 જ | | | 5 શ્રા | દ્ધ |
| | 6 વા | 7 યુ | | 8 સ | જ | | 9 બા | પ | |
| | | 10 ગ | 11 મ | | | 12 શા | મ | | |
| 13 બં | | | 14 ગ | 15 જા | 16 ન | ન | | | 17 વં |
| 18 સ | ર | લા | | 19 વે | ગ | | 20 આ | નં | દ |
| રી | | | 21 ભા | દ | ર | 22 વો | | | ન |
| | | 23 કા | લ | | | 24 લ | 25 ક્ષ | | |
| | 26 રા | શી | | | | | 27 મા | 28 સી | |
| 29 પા | સ | | | 30 ખુ | 31 શી | | | 32 તા | 33 રા |
| ર્થ | | | | 34 દા | લ | | | | જા |

**આડી ચાવીઓ -**

૧. ૧લી નવેમ્બર ......નો સ્મૃતિ દિવસ (૫)
૫. સતયુગ મુબારક, .......મુબારક (૪)
૮. આપવાનું શબ્દનો અંગ્રેજી શબ્દાર્થ (૨)
૯. ......નવા વર્ષના સૌને મુબારક (૨)
૧૦. .......દે માઁ વીણાવાદિની (૨)
૧૧. ઉદિત શબ્દને ઉલટાવીને લખો (૩)
૧૩. સંસ્કાર મિલનનો ......(૨)
૧૪. મિલકત, જાયદાદ (૩)
૧૫. .......ધોળી, પીપળ પાન (૨)
૧૮. ગુજરાતી મહિનામાં ચૌદશ પહેલા .....આવે (૩)
૨૦. ૨જી ઓક્ટોબરના દિવસે ઉજવાય (૨)
૨૩. સાપનું રહેવાનું સ્થાન (૨)
૨૪. રાત કે ......થક મત જાના (૨)
૨૬. તાલ સાથે ...મળે (૨)
૨૭. નદી ઉપર અવરજવર કરવા ....બંધાય (૨)
૨૮. ગીર સોમનાથનો એક તાલુકો (૨)
૨૯. પાણી ભરવાનું એક પાત્ર (૨)
૩૧. જંગલ (૨)
૩૩. શુભમુહર્તનો એક દિવસ (૫)
૩૫. રક્ષા કરનારને ....કહેવાય (૩)

**ઉભી ચાવીઓ -**

૧. ગીત અને ......(૩)
૨. કારતક સુદ પુનમનો દિવસ (૫)
૩. તુરંત ...., - મહાપુણ્ય (૨)
૪. રોશનીનો તહેવાર (૩)
૫. શ્રાધ્ધ પછીનો આવતો ....તહેવાર (૪)
૬. બાર મહિના બરાબર એક ....થાય (૩)
૭. નવરાત્રીમાં .....ની રમઝટ થાય (૩)
૧૨. હૃદય, દિલ (૨)
૧૫. આસોસુદ અજવાળી રાત (૬)
૧૬. દાદી ગુલઝારના લૌકિક માતાનું નામ (૬)
૧૭. વિશ્વ રચયિતા, વિશ્વ ....(૩)
૧૯. સહજ, સીધુ (૩)
૨૧. ......ધર મનુવા (૩)
૨૨. તલ શબ્દનું હિન્દી (૨)
૨૫. છોકરીનું એક નામ (૨)
૩૦. ઉડે રે અબીલ - ....(૩)
૩૨. શિવજી પર ચઢતું એક ફૂલનો હિન્દી અનુવાદ (૨)
૩૩. ડર, બીક (૨)

# પ્રસંગ પરિમલ

## માર્શ મેલો

શિક્ષકે ક્લાસમાં સર્વ બાળકોને એક ખૂબસૂરત ટોફી આપી એક અજીબ વાત કહી,

સાંભળો બાળકો, આપ સર્વને દસ મિનિટ સુધી પોતાની ટોફી ખાવાની નથી. આમ કહીને તે ક્લાસરૂમની બહાર ચાલ્યા ગયા. કેટલીક પળો સુધી ક્લાસમાં સન્ણાટો છવાઈ ગયો. દરેક બાળક તેની સામે પડેલી ટોફીને જોઈ રહ્યું હતું. પળપળ વીતવી તેમના માટે મુશ્કેલ લાગતી હતી.

દસ મિનિટ વીતી જતાં શિક્ષક ક્લાસરૂમમાં આવ્યા. સમીક્ષા કરી. આખા વર્ગમાં સાત બાળકો હતા જેમની ટોફીઓ જેમની તેમ પડી હતી. જ્યારે બાકીના સર્વ બાળકો ટોફી ખાઈને એના રંગ અને સ્વાદ પર ટિપ્પણી કરી રહ્યા હતા. શિક્ષકે બોલ્યા વગર આ સાત બાળકોના નામ પોતાની ડાયરીમાં નોંધી લીધાં. નોંધ કર્યા પછી ભણાવવાનું શરૂ કર્યું. આ શિક્ષકનું નામ પ્રોફેસર વોલ્ટર માર્શલ હતું. કેટલાંક વર્ષો પછી પ્રોફેસરે પોતાની જૂની ડાયરી ખોલી અને સાત બાળકોનાં નામ કાઢીને એમના વિશે શોધ શરૂ કરી.

એક લાંબા સંઘર્ષ પછી એમને ખબર પડી કે સાતે બાળકોએ પોતાના જીવનમાં કેટલીયે સફળતાઓ મેળવી હતી. પોતપોતાના ક્ષેત્રમાં ઘણા આગળ વધી ગયા હતા. પ્રોફેસર વોલ્ટરે પોતાની જૂની ડાયરી ખોલી અને સાત બાળકોનાં નામ કાઢીને એમના વિશે શોધ શરૂ કરી.

પ્રોફેસર વોલ્ટરે પોતાના વર્ગના બાળકોની પણ સમીક્ષા કરી. ખબર પડી કે એમાંથી મોટા ભાગના લોકો એવા હતા જેમને આર્થિક અને સામાજિક પરિસ્થિતિઓનો સામનો કરવો પડતો હતો. આ સર્વ પ્રયાસો અને શોધને પરિણામે વોલ્ટરે એક સૂત્ર લખ્યું અને તે હતું. **જે આદમી દસ મિનિટ સુધી ધૈર્ય રાખી શકતો નથી, તે જીવનમાં કદી આગળ વધી શકતો નથી.** આ શોધથી સમગ્ર દુનિયામાં એમને પ્રસિદ્ધિ મળી. અને એનું નામ 'માર્શ થિયરી' રાખવામાં આવી કારણ કે પ્રોફેસર વોલ્ટરે બાળકોને જે ટોફી આપી હતી તેનું નામ 'માર્શ મેલો' હતું.

આ થિયરીના અનુસાર સૌથી સફળ લોકોમાં કેટલાયે ગુણોની સાથે એક ધૈર્યનો ગુણ પણ જોવા મળ્યો છે.

## પાંચ દીવા

એક ઘરમાં પાંચ દીવા સળગી રહ્યા હતા. એક દિવસે પહેલા એક દીવાએ કહ્યું કે આટલું સળગીને પણ મારી રોશનીની લોકોને કદર નથી તો સારું એ હશે કે હું બુઝાઈ જાઉં. તે દીવો સ્વયંને મિથ્યા સમજીને બુઝાઈ ગયો. જાણો છો? તે દીવો કોણ હતો? તે દીવો હતો ઉત્સાહનું પ્રતીક. આ જોઈને બીજો દીવો જે શાંતિનું પ્રતીક હતો, તે કહેવા લાગ્યો. મારે બુઝાઈ જવું જોઈએ. નિરંતર શાંતિની રોશની આપવા છતાં લોકો હિંસા કરી રહ્યા છે. આમ શાંતિનો દીવો પણ બુઝાઈ ગયો. ઉત્સાહ અને શાંતિના દીવા બુઝાઈ ગયા બાદ જે ત્રીજો દીવો હિંમતનો હતો તે પણ પોતાની હિંમત ખોઈ બેઠો હતો અને બુઝાઈ ગયો. ઉત્સાહ, શાંતિ અને હવે હિંમત ન હોવાને લીધે ચોથા દીવો પણ બુઝાઈ ગયો. સર્વ દીવાઓ બુઝાઈ ગયા પછી માત્ર પાંચમો દીવો જ એકલો સળગી રહ્યો હતો. જોકે પાંચમો દીવો સૌથી નાનો હતો. આમ છતાં પણ તે નિરંતર સળગી રહ્યો હતો. ત્યારે એ ઘરમાં એક

**(અનુસંધાન પેજ નં. 34 પર)**

# તપસ્યાની આસપાસ

બ્ર.કુ. કૃતિબેન, સેટેલાઈટ, અમદાવાદ.

સમયની બલિહારી જુઓ કેટલી અદ્ભુત છે! એક તરફ સમય તીવ્રગતિથી પરિવર્તન પામી રહ્યો છે. બીજી તરફ સામાન્ય પુરુષાર્થી અત્યારે અલબેલાપનમાં ઘણું કર્યાના સંતોષનો શ્વાસ તપસ્યાનો શુભ સંકલ્પ સ્ફુર્યો એ ઘણું સૂચક છે. ઈશ્વરીય યજ્ઞની સ્થાપનામાં 14 વર્ષની તપસ્યાએ એવું બળ ભર્યું હતું કે સેવાના ક્ષેત્રમાં આવનાર વિભિન્ન વિઘ્નોને સહજ પાર કરી શક્યા. તો સેવાના વિસ્તાર માટે પણ યોગબળ જરૂરી હતું. આજે એ વિસ્તારને સમેટી સ્થિતિને સંપૂર્ણતામાં પરિવર્તિત કરવા માટે પણ યોગના જ બળની જરૂર છે. સ્થિતિ વગરની વર્તમાન સેવાઓએ સેવાના કાર્યમાં તો ઘણા અંશે સફળતા, સંપન્નતા અપાવી પરંતુ જ્યાં સુધી વિકર્મોનું પાછલું ખાતું સમાપ્ત કરી આત્મા કર્માતીત નથી બનતો ત્યાં સુધી સ્થાપનાનું કાર્ય બાકી રહે છે. તો હવે સ્થિતિ દ્વારા સેવા કરી કાર્યને પરિપૂર્ણ કરવા, આખરી ઓપ આપવા તપસ્યા દ્વારા એક શિવપિતાની નિરંતર યાદમાં બુદ્ધિને લગાડી, સ્વયંને તપાવી શુદ્ધ સોનું બનવું. જ્યાં સુધી લોખંડ તપ્યું નથી ત્યાં સુધી આકાર આપવો શક્ય નથી. તેવી જ રીતે જ્યાં સુધી સંઘર્ષોમાંથી પસાર થતી બુદ્ધિ યાદની અગ્નિમાં તપી નથી ત્યાં સુધી લોહયુગમાં તમોગુણી થયેલી બુદ્ધિ સતોગુણી બનશે જ નહીં. થોડીક પણ એલોય છેવટે રહી જશે. તો એક તરફ તપસ્યા જરૂરી બની છે, બીજી તરફ જીવન વધુ ને વધુ સંઘર્ષમય બની રહ્યું છે ત્યારે તપસ્વી જીવન માટે પ્રથમ અવસ્થામાં બેલેન્સની કળા ખૂબ આવશ્યક બની રહેશે. બુદ્ધિની એકાગ્રતા માટે લૌકિક-અલૌકિક, વ્યવહાર અને પરમાર્થનું યથાર્થ બેલેન્સ નહીં હોય તો એકરસ તપસ્યા શક્ય જ નથી. તપસ્યાની પ્રારંભિક સ્ટેજમાં જે જે વાતો અથવા કારણો તપસ્યામાં વિઘ્નરૂપ છે, તપસ્યાને તોડનાર છે, તેનું સંપૂર્ણ જ્ઞાન બુદ્ધિએ ન માત્ર મેળવવાનું, પણ પરિપક્વતાથી પચાવવું પડશે. જ્ઞાન કે આવી સમજ શિવબાબાએ મુરલીઓ દ્વારા ખૂબ સ્પષ્ટ કરી આપી છે પરંતુ એને અભ્યાસ દ્વારા, અધ્યયન દ્વારા એક મૂર્તિમંત રૂપ આપવું પડશે.

બીજા તબક્કે આપણી નાની મોટી ખામીઓ જેમ કે અલબેલાપણું, ગફલત કે લાપરવાહી જે લિંક તોડવા નિમિત્ત છે - એને અંતર્મુખી સ્થિતિ દ્વારા મહેસૂસ કરવી પડશે. માટે જેટલો વધારે સમય અંતર્મુખી સ્થિતિમાં સ્થિત થઈ સ્વયંની પાછળ સમય આપીશું તેટલી જીવનમાં સ્થિરતા આવતી જશે. જે માનસિક સ્થિરતા કર્મયોગી જીવનનો યથાર્થ અનુભવ કરાવી શકશે. અત્યારે મન બુદ્ધિ બીજાઓના પ્રપંચમાં, પાછલા સંસ્કારો કે વાતોને વિસ્મૃત ન કરી શકવાને કારણે એટલે કે વિસ્મૃતિની શક્તિ ઓછી હોવાને કારણે એકરસ અથવા સ્થિર નથી થઈ શકતી. શ્રેષ્ઠ સ્મૃતિની શક્તિને જીવનમાં કેળવી, મનન દ્વારા સ્મૃતિને દૃઢ કરી કર્મ કરતાં તથા કર્મ કરતાં પહેલાં શ્રેષ્ઠ સ્મૃતિના આધારે માનસિક જોડાણ ઈશ્વર સાથે તૂટે નહીં એ અભ્યાસ એ સાચી તપસ્યા છે. એનાથી આગળ જ્યાં તપસ્યા છે ત્યાં સ્વતઃ અન્ય પ્રતિ ક્ષમાભાવ, રહમભાવ જાગૃત થશે. સ્વયંની એકરસ સ્થિતિ દ્વારા બુદ્ધિમાંથી સતત સર્વ પ્રતિ સ્નેહભાવ, કરુણાભાવ ઝરતો રહે એ સંબંધ સંપર્કમાં તપસ્યાનું સ્વરૂપ હોવું જોઈએ. કોઈની

ખામી, નબળાઈ, કોઈના પાર્ટની ઊંચાઈ નીચાઈને એટલી સારી રીતે બુદ્ધિ સમજી શકે, સ્વીકાર કરી શકે કે જેથી એ વાતો ખેલ લાગે અને મનબુદ્ધિની એકરસતા પર જરા પ્રભાવ ન પડે. આમ કેમ? ની વ્યર્થતા સમાઈ જાય અને શ્રેષ્ઠ ભાવના દ્વારા આત્માઓ પ્રતિ સદ્ભાવ વહેતો રહે એ તપસ્યાનું સાચુ સ્વરૂપ છે. સતત સ્મૃતિ પાકી કરવાની છે કે ઘરે જવાનો સમય આવી ગયો છે માટે ભલે વ્યવહારમાં છીએ કે સેવામાં પરંતુ બુદ્ધિ સમેટવાની અભ્યાસી બને જેને બાપદાદાએ સેકન્ડમાં ન્યારાપન, સેકન્ડમાં પ્યારાપન - એ શબ્દોથી સમજાવ્યું છે. એ કર્યાં પછી એ કર્મમાંથી તરત જ બુદ્ધિ ન જતી રહે એ અભ્યાસ છે તપસ્યા. બાબાની સાચા દિલની યાદથી શક્તિ જમા કરી અવગુણોને અંદર ને અંદર સમાપ્ત કરવા માટે લાંબા સમયનો એકાગ્રતાનો અભ્યાસ જોઈશે. જે માત્ર મન નહીં પરંતુ કર્મેન્દ્રિયોની સ્થિરતાનો અભ્યાસ પણ માંગી લેશે. માટે જેટલો વધુ સમય તન અને મનની સ્થિરતાના અભ્યાસમાં આપીશું તેટલી તપસ્યા વધુ ઉત્કટ બનશે. સ્વતઃ બુદ્ધિ, મનન ચિંતન અને સહજ એકાગ્રતાની અભ્યાસી બની જશે. જેટલો એકાંતવાસ વધુ એટલી અંતર્મુખતા વધુ. એના માટે આપણા રોજિંદા જીવનમાં સાકાર બાબાની જેમ નિયમિતતા ધારણ કરવી પડશે. પૂરી દિનચર્યા એવી હોય જેમાં ઘડી ઘડી કાર્ય-વ્યવહારમાં આવતાં પણ બુદ્ધિ બાબા પાસે બેસવા, અંગસંગ રહેવાનો અનુભવ કરે. અમૃતવેળાથી દિનચર્યા એવી ગોઠવવી કે જે એકાંત, અભ્યાસ છતાં સમયાનુસાર વ્યવહારને પૂરો ન્યાય મળી શકે. સંતુલિત જીવન જ તપસ્વી જીવનનો, રાજઋષિ જીવનનો સહજ અનુભવ કરાવશે. એક પ્રકારની જાગૃતિ અને બળ ભરવાનું કામ તપસ્યા દ્વારા થશે જે સ્થિતિની નવી ક્રાંતિ દ્વારા યજ્ઞની અંતિમ આહુતિ કે સમાપ્તિની પ્રચંડ જ્વાળા ચારે તરફ પ્રજ્જવલિત કરશે.

॥ ઓમશાંતિ ॥

- **મનસા સેવા કરવા માટે સર્વના પ્રત્યે શ્રેષ્ઠ અને નિઃસ્વાર્થ સંકલ્પ હોય. સદા પર-ઉપકારની ભાવના હોય. અપકારી પર પણ ઉપકારની શ્રેષ્ઠ શક્તિ હોય. સદા દાતાપણાની ભાવના હોય. સદા સ્વ પરિવર્તન, સ્વના શ્રેષ્ઠ કર્મો દ્વારા બીજાઓને શ્રેષ્ઠ કર્મ કરવાની પ્રેરણા આપનાર હોય.**

(પેજ નં. 32નું અનુસંધાન)... **પ્રસંગ પરિમલ**

છોકરાએ પ્રવેશ કર્યો એણે જોયું કે એ ઘરમાં માત્ર એક જ દીવો સળગી રહ્યો હતો. તે ખુશીથી નાચી ઉઠ્યો. ચાર દીવા બુઝાઈ જવાના કારણે તે દુઃખી થયો નહીં પણ ખુશ થયો. એ વિચારીને કે ઓછામાં ઓછો એક દીવો તો સળગી રહ્યો છે. એણે તરત પાંચમો દીવો ઉઠાવ્યો અને બાકીના ચાર દીવા ફરીથી સળગાવી દીધા. જાણો છો તે પાંચમો દીવો કયો હતો? તે હતો આશાઓનો દીવો. એટલા માટે પોતાના ઘરમાં પોતાના મનમાં આશાનો દીવો સદા સળગતો રાખો. ભલે બધા દીવા બુઝાઈ જાય પણ આશાનો દીવો બૂઝવો જોઈએ નહીં. આ એક દીવો પૂરતો છે. બાકી સર્વ દીવાઓને સળગાવવા માટે..

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati



ગોંડલમાં 'મોહરમ' નિમિતે આયોજીત તાજીયા જુલુસમાં ઈશ્વરીય સંદેશ આપ્યા બાદ તાજીયા કમિટીના પ્રમુખ ભ્રાતા ઝાહિદભાઈ સવાન, ઉપપ્રમુખ ભ્રાતા યૂનુસભાઈ જોબણ સાથે બ્ર.કુ.ભાવનાબેન.



જલાલપોર સેવાકેન્દ્ર પર રક્ષાબંધન પર્વ પર પધારેલ 'સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ'ના પ્રમુખ ભ્રાતા મધુભાઈ કથરીયા તથા ટ્રસ્ટી મંડળના કારોબારી સભ્યો સાથે બ્ર.કુ. ભાનુબેન.




અમદાવાદ વટવા પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધન કર્યા બાદ PSI ભ્રાતા એચ.વી.સીસરા તથા સ્ટાફ સાથે બ્ર.કુ. તારાબેન.




પાટડી પોલીસ સ્ટેશન અને હોમગાર્ડના જવાનોને રક્ષાબંધન કર્યા બાદ PSI ભ્રાતા દિનેશસિંહ ઝાલા તથા સ્ટાફ સાથે બ્ર.કુ. પ્રિયાબેન.



વલભીપુર ખાતે પોલીસ સ્ટેશનમાં PSI ભ્રાતા જયપાલસિંહજીને રક્ષાસૂત્ર બાંધતા બ્ર.કુ. દેવીકાબેન.




કચ્છ-મુદ્રામાં ST બસ સ્ટેન્ડ ખાતે રક્ષાબંધન કર્યા બાદ ડેપો મેનેજર ભ્રાતા અરવિંદભાઈ તથા સ્ટાફ સાથે બ્ર.કુ. શ્વેતાબેન.



સુરત મોટા વરાછા સેવાકેન્દ્રમાં જન્માષ્ટમી પર્વે આયોજીત ચૈતન્ય ઝાંખીનાં બાળકલાકારો સાથે બ્ર.કુ. ફાલ્ગુનીબેન, બ્ર.કુ. મીનાબેન.



અમદાવાદ વહેલાલ સેવાકેન્દ્ર પર આયોજીત શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ ઉજવણીમાં સહભાગી કલાકારો સાથે બ્ર.કુ. આરતીબેન.

**Gyan Amrit** Vol.14 | Issue 11 | November 2021| Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 Vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December 2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



અમદાવાદ થલતેજ ખાતે ગુજરાતના નવનિયુક્ત મુખ્યમંત્રી ભ્રાતા ભૂપેન્દ્રભાઈ પટેલનું અભિવાદન કરી રક્ષાબંધન કરતાં બ્ર.કુ. આશાબેન.



ગુજરાત સરકારના નવનિયુક્ત મુખ્ય સચિવ ભ્રાતા પંકજકુમારને અભિનંદન આપતાં બ્ર.કુ. મૃત્યુંજયભાઈ, બ્ર.કુ. કૈલાસબેન બાજુમાં બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. તારાબેન, બ્ર.કુ. શિવીકાબેન.



ગુજરાત સરકારના નવનિયુક્ત ખાદ્ય અને નાગરિક પૂરવઠા રાજ્યકક્ષાના મંત્રી ભ્રાતા ગજેન્દ્રસિંહને શુભેચ્છા આપતાં બ્ર.કુ. ચંપાબેન, બ્ર.કુ. સાવિત્રીબેન, બ્ર.કુ. આશાબેન.



અમદાવાદ ખાતે ઈન્ડીયા ટીવી ન્યુઝ ચેનલના ગુજરાતના તંત્રી બ્યુરો ચીફ ભ્રાતા નિર્ણય કપુરને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. નંદિનીબેન બાજુમાં બ્ર.કુ. રાધિકાબેન.



અમરેલી જીલ્લાના પોલીસ અધિક્ષક ભ્રાતા નિર્લિપ્ત રાય IPSને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. કિંજલબેન.



આહવા ખાતે ડાંગ જીલ્લા કલેક્ટર ભ્રાતા ભાવિનભાઈ પંડ્યા IASને રક્ષાબંધન કરતાં બ્ર.કુ. ઇનાબેન.

**If Undelivered Please Return To :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com